Tuesday 17, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૬૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

અવધ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં કુદરતી ખાડી-નહેર પૂરી દેવાઈ!?

તિઘરા-ઓરવાડ વચ્ચે ટુકવાડા હાઈવે પર ચાલી રહેલા પાર્કના કામે નાયબ કલેક્ટર પારડી કચેરી દ્વારા નોટિસ બાદ કાર્યવાહીના ચક્રો ગતિમાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૬ : તિઘરા અને ઓરવાડ ગામ વચ્ચે આવેલી કુદરતી ખાડી અને તેની સાથે જોડાયેલી દમણગંગા નહેરને બિનઅધિકૃત રીતે પૂરી દેવા બાબતે ઓરવાડ (આર.એસ.)ના એક નાગરિકની ફરિયાદ બાદ તંત્ર હરકતમાં આવ્યું છે. આ મામલે નાયબ કલેક્ટર, પારડી કચેરી દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું પ્રાંત અધિકારીની કચેરી દ્વારા ફરિયાદીને એડીએમ/આરજી/વશી/૨૦૨૬ના પત્રક્રમાંકથી જણાવાયું હોવાનું જાણવા મળ્યું છે.ઓરવાડના આનંદ નગર, ઉદવાડા (આરએસ) ખાતે રહેતા રૂપેશ રાઠોડ દ્વારા મુખ્યમંત્રીના કાર્યાલયમાં વેબ પેજ પર પણ રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆત નાયબ કલેક્ટર (જનસંપર્ક) ગાંધીનગર મારફતે પારડી કચેરીને મળી હતી. જેના અનુસંધાને મામલતદાર પારડી અને ના.કા.ઈ. દમણગંગા નહેર પેટા વિભાગ નં.૧૧ પારડી પાસેથી અહેવાલ મંગાવવામાં આવ્યો હતો.

અહેવાલ મુજબ, મોજે-ઓરવાડ/તિઘરા, તા.પારડી ગામમાંથી દમણગંગા કચેરી હસ્તકની ઉદવાડા વિશાખા નહેરની ૯-એલ માઈનોર નહેર પસાર થાય છે.

સ્થળ નિરીક્ષણ દરમિયાન જણાયું હતું કે, અવધ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, મુ.પો. ઓરવાડ/તિઘરા દ્વારા સદર નહેરની સાંકળ આશરે ૪૨૬૦.૦૦ મીટરથી સાંકળ ૪૪૦૦.૦૦ મીટર સુધીની (કુલ લંબાઈ ૧૪૦ મીટર) લંબાઈમાં નહેરને પાઈપ-લાઈનમાં તબદીલ કરવામાં આવેલ છે.

આ બાબતે અવધ ઈન્ડસ્ટ્રીયલ પાર્કને નોટિસ આપવામાં આવી છે. ત્યારબાદ નાયબ કાર્યપાલક ઈજનેર, દમણગંગા નહેર પેટા વિભાગ નં.૧૧ પારડી દ્વારા કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું નાયબ કલેક્ટર પારડીના તા.૦૭-૧૧-૨૦૨૬ના પત્રમાં જણાવાયું છે.

દમણમાં પ્રશાસન દ્વારા રાષ્ટ્રીય પ્રેસ દિવસની ઉજવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૧૬ : રાષ્ટ્રીય પ્રેસ દિવસ નિમિત્તે, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ પ્રશાસને આજે કલેક્ટર કચેરી, મોટી દમણ ખાતે એક ખાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમની અધ્યક્ષતા માહિતી અને પ્રચાર વિભાગના નિયામક અને સંયુક્ત સચિવ નાગેન્દ્ર ત્રિપાઠીએ કરી હતી. દમણ અને દીવના પ્રાદેશિક પ્રચાર અધિકારી પ્રિયાંશુ સિંહ અને વિભાગના કર્મચારીઓ, દમણ, દાદરા અને નગર હવેલી અને વાપી-વલસાડ પ્રદેશના મીડિયા પ્રતિનિધિઓ સાથે, ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



કાર્યક્રમ દરમિયાન, નાગેન્દ્ર ત્રિપાઠીએ રાષ્ટ્રીય પ્રેસ દિવસના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે આ સ્વતંત્ર અને જવાબદાર પત્રકારત્વ, પ્રેસની સ્વતંત્રતા અને લોકશાહીમાં મીડિયાની મહત્વપૂર્ણ ભૂમિકાના મૂલ્યોને યાદ કરવાનો એક અવસર ગણાવ્યો હતો. આ વર્ષની થીમ, પત્રકારત્વ લોકપ્રિયતાવાદી કે જવાબદાર? પર પોતાના વિચારો વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે પત્રકારત્વનો ધ્યેય ફક્ત લોકપ્રિયતા મેળવવાનો ન હોવો જોઈએ, પરંતુ સત્ય અને તથ્યો પર આધારિત જાહેર હિતમાં સમાચાર રજૂ કરવાનો હોવો જોઈએ.કાર્યક્રમમાં હાજર મીડિયા પ્રતિનિધિઓએ પત્રકારત્વના બદલાતા સ્વભાવ, મીડિયાની જવાબદારીઓ અને લોકશાહી સમાજમાં પ્રેસની ભૂમિકા સંબંધિત વિવિધ પાસાઓ પર પણ પોતાના વિચારો શેર કર્યા. કાર્યક્રમ દરમ્યાન પત્રકારત્વના મૂળભૂત આદર્શો અને સામાજિક જવાબદારી - ને જાળવી રાખવાની પ્રતિજ્ઞા લેવાઈ હતી.

RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
CBSE AFFILIATED - 430373
Unleash your true potential
VIDYA DHAM INTERNATIONAL SCHOOL • VAPI •
LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2027-2028
Nursery to Std. 10
13th Year Anniversary
SPECIAL OFFERS
FREE Textbooks
From Nursery to Std 10
Sports – Table Tennis
Library & Reading Room
Creative Learning & Activity
Fun with Numbers
Science Lab
LCD Class Rooms
Additional Curriculum features
1 English Conversation & Phonics for Fluency
2 Personality development & Memory Boosting techniques.
3 innovative clubs for Std 6 to 10
4 Indoor Sports Activities for std Nursury to std 10
5 Mental and Vedic Maths for Std 1 to 5
6 AI and Coding for Jr KG to Std 10
Admission forms available
All working days
At school's office
vidyadham4@gmail.com
www.vidyadhamschoolvapi.in
9725295578/ 9081807258/ 9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191
Learn • Grow • Achieve Together

નેમિનાથ ટ્રેડર્સ
ખીલા
વાયર
વેલ્ડમેસ
ખીલી
હુક
જાળી
નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

ગાંધી જયંતિ के अवसर पे
खादी पे 30 % और
सील्क, वोलेन पे 20 % की छुट
"खादी तन की शान है, सत्य मन की पहचान है;
मेहनत मेरा धर्म है, भारत मेरी जान है।"
02-10-2026 to 02-11-2026
100 % NATURAL
HANDMADE
SUPPORT INDIAN ARTISANS
GANDHI ASHRAM
KHADI
ONE BRAND FOR NATURE | PURE | INDIAN | SUSTAINABLE
Mob. No. 9998517995
G-3, Ground Floor, Shopper Stop, Imran Nagar, Silvassa Road, Vapi, Gujarat - 396 191

SHALBY MULTI-SPECIALTY HOSPITALS
विश्व COPD दिवस पर
विशेष
पल्मोनोलॉजी
OPD कैंप
16 से 21 नवंबर, 2026
विशेषज्ञ डॉक्टर:
डॉ. मोहसिन डी. खान
चेस्ट फिजिशियन, पल्मोनोलॉजिस्ट एवं इंटेंसिविस्ट
इन लक्षणों के होने पर जांच करवाएं:
लंबे समय से खांसी या बलगम आना
बार-बार छाती में इन्फेक्शन होना
छाती में जकड़न या भारीपन महसूस होना
चलते समय सांस फूलना
सांस लेते समय सीटी जैसी आवाज आना
धूम्रपान से जुड़ी सांस की समस्याएं
सांस की तकलीफ को नजरअंदाज न करें! समय पर विशेषज्ञ की सलाह लें।
Please Follow @shalbyhospitalsvapi
शेल्बी हॉस्पिटल
डी-मार्ट के पास, सिलवासा रोड, चणोद, वापी।
संपर्क करें:
95120 03941 | 70460 63333

SHALBY MULTI-SPECIALTY HOSPITALS
હાડકાં - સાંધાના દુઃખાવાથી પરેશાન છો..?
ઓર્થોપેડિક ડૉક્ટર્સ દ્વારા પરામર્શ
વિશેષ સાપ્તાહિક
ઓ.પી.ડી. કેમ્પ
ડિસ્કાઉન્ટની રકમ આઈ.સી.શાહ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચૂકવવામાં આવશે
16 થી 21 નવેમ્બર, 2026
સવારે 10:00 થી બપોરે 02:00 સુધી
સાંજે 05:00 થી રાત્રે 08:00 સુધી
ઉપલબ્ધ ડોક્ટર્સ
ડૉ. પરાગ તલેકર
ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ડૉ. સમીરકુમાર પટેલ
ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
સમસ્યાઓ:
ઘુંટણનો દુઃખાવો કમરદર્દ ગળા અને ખભાનો દુઃખાવો
સાંધા જકડાવા અને દુઃખાવો થવો સંધિવા
ઉઠવા- બેસવા અને દૈનિકક્રિયાઓ માં મુશ્કેલી થવી
Please Follow @shalbyhospitalsvapi
શેલ્બી હોસ્પિટલ:
ડી-માર્ટ પાસે, સિલવાસ રોડ, ચણોદ, વાપી
95120 03941, 70460 63333

આહવામાં મુખ્યમંત્રીના હસ્તે સરકારી જિલ્લા પુસ્તકાલયનું ઈ-લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

આહવા, તા.૧૬ : ભગવાન બિરસામુંડાની ૧૫૧ મી જન્મ જયંતિ નિમિત્તે જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી પ્રસંગે ડાંગ જિલ્લાનાં મુખ્ય મથક આહવા ખાતે રૂ. ૫.૮૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ગુજરાત રાજ્યના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવુત્તિઓ વિભાગ અંતર્ગત ગ્રંથાલય ખાતા હસ્તકના સરકારી જિલ્લા પુસ્તકાલય, આહવા, જિ. ડાંગનું તા. ૧૫/૧૧/૨૦૨૬ નાં રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું છે.

ડાંગ જિલ્લાની વાંચનપ્રિય જનતા માટે આ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ગ્રંથાલયમાં કુલ ૩૭૨ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતા બે માળનાં આ ગ્રંથાલય ભવનમાં વરિષ્ઠ નાગરીકો, મહિલાઓ અને બાળકો માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે. અહી કોન્ફરન્સ હોલ, ડીજીટલ ગ્રંથાલય, ઠંડાપાણી, ટોયલેટ બ્લોક જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. અહી સ્પર્ધાત્મક સાહિત્ય, સંદર્ભ સાહિત્ય, નવલકથા ટૂકીવાર્તા, જેવા વિવિધ વિષયોનાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાના ૪૦૦૦૦ થી વધુ પુસ્તકો ઉપલબ્ધ છે.

વાંસદા નેશનલ પાર્કની વન અને પર્યાવરણ મંત્રીએ મુલાકાત લીધી

વન્યજીવ સંરક્ષણ, - વાસીઓ માટેની સુવિધાઓ અને નેશનલ પાર્કની વ્યવસ્થાનું નિરીક્ષણ કરી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નવસારી, તા.૧૬ : રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના નેશનલ પાર્કની મુલાકાત લઈ વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ, વન્યજીવ સંરક્ષણની કામગીરી તથા પ્રવાસીઓ માટે ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.

આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ નેશનલ પાર્કની કુદરતી સંપદા, વન્યજીવોના સંરક્ષણ, પ્રવાસીઓ માટેની સુવિધાઓ અને વહીવટી વ્યવસ્થાની વિગતવાર માહિતી સંબંધિત અધિકારીઓ પાસેથી મેળવી હતી. તેમણે નેશનલ પાર્કમાં પ્રવાસીઓ માટે જંગલ સફારી અને કેન્ટીનની સુવિધા ઉપલબ્ધ કરાવવા અંગે જરૂરી સૂચનો કર્યા હતા. વન અને વન્યજીવોનું સંરક્ષણ જળવાઈ રહે તે સાથે પ્રવાસીઓને પ્રાકૃતિક સૌંદર્યનો આનંદ માણવાની વધુ સારી સુવિધાઓ મળે તે દિશામાં કામગીરી કરવા પણ માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત મંત્રીએ વાંસદા તાલુકાના નવતાડ ખાતે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિ. દ્વારા સંચાલિત વનિલ ઉદ્યોગની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે ઉદ્યોગની વિવિધ કામગીરી, ઉત્પાદન પ્રક્રિયા તથા વન આધારિત પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરી અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી.

મંત્રીએ વનિલ ઉદ્યોગની કામગીરી અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી વનસંપદાના યોગ્ય ઉપયોગ, વન આધારિત ઉદ્યોગોના વિકાસ, ઉપલબ્ધ સંસાધનોના સુવ્યવસ્થિત સંચાલન તેમજ કામગીરીમાં ગુણવત્તા અને કાર્યક્ષમતા જળવાઈ રહે તે અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ઉદ્યોગની કામગીરીને વધુ સુદૃઢ બનાવવા અને સરકારની વન વિકાસલક્ષી નીતિઓનો અસરકારક અમલ થાય તે માટે પણ જરૂરી સૂચનાઓ આપી હતી.

મંત્રીએ વન વિસ્તારની જાળવણી, વન્યજીવોના સંરક્ષણ, પર્યાવરણની સુરક્ષા અને વન વિભાગની વિવિધ કામગીરીને વધુ અસરકારક બનાવવા અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ મુલાકાતનો મુખ્ય હેતુ વનસંપદાના સંરક્ષણ અને સંવર્ધન સાથે વન આધારિત વિકાસલક્ષી પ્રવૃત્તિઓનું સ્થળ પર નિરીક્ષણ કરી તેને વધુ સુવ્યવસ્થિત અને અસરકારક બનાવવાનો રહ્યો હતો.

આ પ્રસંગે વલસાડના નાયબ સરંક્ષકશ્રી લોકેશ ભારદ્વાજ , ઉત્તર ડાંગ વન વિભાગના નાયબ વન સરક્ષક મુરાલી લાલા મીના, નવસારી નાયબ વન સરંક્ષક ઉર્વશી પ્રજાપતિ, આર.એફ.ઓ. હીનાબેન પટેલ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૧૭-૧૧-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** કારતક સુદ ૮, **સૂર્યોદય :** ૦૬ : ૫૮ **સૂર્યાસ્ત** ૦૫ : ૫૦, **ચંદ્રોદય** - ૦૧:૦૦ **ચંદ્રાસ્ત** - ૧૨:૩૫ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** - ધનિષ્ઠા

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : આજે બપોર સુધી ચંદ્ર તમારા દસમા સ્થાનમાં રહેવાથી કાર્યક્ષેત્રમાં સફળતા અને માન-સન્માન મળશે. બપોરે ૦૩:૩૧ વાગ્યા પછી ચંદ્ર અગિયારમા સ્થાનમાં આવતા આર્થિક લાભ અને મિત્રોનો સહયોગ વધશે.

વૃષભ (બ, વ, ઉ) : બપોર સુધી ભાગ્ય સ્થાનમાં રહેલો ચંદ્ર ધાર્મિક કાર્યોમાં રુચિ વધારશે અને મુસાફરીના યોગ બનાવશે. બપોર પછી ચંદ્ર કર્મ સ્થાનમાં પ્રવેશતા નોકરી અને વ્યવસાયમાં નવી જવાબદારીઓ મળી શકે છે.

મિથુન (ક, ઘ, ચ) : આજે બપોર સુધી આઠમા સ્થાનમાં ચંદ્ર હોવાથી સ્વાસ્થ્ય અને વાહન ચલાવવામાં ખાસ સાવચેતી રાખવી જરૂરી છે.

કર્ક (ડ, હ) : બપોર સુધી ચંદ્ર સાતમા સ્થાનમાં રહેવાથી જીવનસાથી સાથેના સંબંધોમાં મધુરતા રહેશે અને ભાગીદારીના કામમાં લાભ થશે.

સિંહ (મ, ટ) : બપોર સુધી છઠ્ઠા સ્થાનમાં ચંદ્ર હોવાથી શત્રુઓ પર વિજય મળશે અને અટકેલા નાણાં પરત મળવાની શક્યતા રહેશે.

કન્યા (પ, ઠ, ણ) : બપોર સુધી પાંચમા સ્થાનમાં રહેલો ચંદ્ર વિદ્યાર્થીઓ અને સંતાન સંબંધિત બાબતો માટે શુભ પરિણામ આપશે.

તુલા (ર, ત) : આજે બપોર સુધી ચોથા સ્થાનમાં ચંદ્ર હોવાથી પારિવારિક બાબતોમાં વ્યસ્તતા રહેશે અને મન થોડું અશાંત રહી શકે છે.

વૃશ્ચિક (ન, ય) : બપોર સુધી ત્રીજા સ્થાનમાં રહેલો ચંદ્ર તમારા પરાક્રમ અને ઉત્સાહમાં વધારો કરશે, જેનાથી નાની મુસાફરી સફળ રહેશે. બપોર પછી ચંદ્ર ચોથા સ્થાનમાં પ્રવેશતા ઘરના કામકાજ અને માતાના સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું પડશે.

ધન (ભ, ધ, ફ, ઢ) : બપોર સુધી બીજા સ્થાનમાં ચંદ્ર હોવાથી વાણી પર સંયમ રાખવો અને પારિવારિક ખર્ચ પર નિયંત્રણ રાખવું. આત્મવિશ્વાસ વધવાથી અધરા કામો પણ સરળ બનશે.

મકર (ખ, જ) : બપોર સુધી ચંદ્ર તમારી પોતાની રાશિમાં રહેવાથી મન પ્રસન્ન રહેશે અને વ્યક્તિત્વમાં નિખાર આવશે.

કુંભ (ગ, સ, શ, ષ) : આજે બપોર સુધી બારમા સ્થાનમાં ચંદ્ર હોવાથી બિનજરૂરી ખર્ચ અને દોડધામ વધી શકે છે. બપોરે ૦૩:૩૧ વાગ્યા પછી ચંદ્ર તમારી પોતાની રાશિમાં પ્રવેશતા માનસિક શાંતિ અને નવી ઉર્જાનો અનુભવ થશે.

મીન (દ, ચ, થ, ઝ) : બપોર સુધી અગિયારમા સ્થાનમાં રહેલો ચંદ્ર આવકમાં વૃદ્ધિ અને મિત્રો તરફથી લાભ અપાવશે. બપોર પછી ચંદ્ર બારમા સ્થાનમાં પ્રવેશતા ખર્ચ પર કાબૂ રાખવો અને કોઈના પર આંધળો વિશ્વાસ ન કરવો.

બીલીમોરામાં જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૧૬ : સમગ્ર ગુજરાત સહિત નવસારી (કાલિયાવાડી), બીલીમોરા, ગણદેવી, ઊંડાચ (કાછલ ફળિયા), કોથા અને અમલસાડ વિસ્તારમાં સંત શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની અત્યંત ભક્તિભાવ અને ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. હજારોની સંખ્યામાં ઉમટેલા ભક્તોએ બાપાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી, જેના પગલે સમગ્ર પંથકનું વાતાવરણ જય જલારામના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.

આ પાવન અવસરે બીલીમોરા સ્થિત જય જલારામ મંદિર સહિત આસપાસના તમામ મંદિરોમાં વહેલી સવારથી જ ધાર્મિક કાર્યક્રમોનો પ્રારંભ થયો હતો. યજ્ઞ, ભજન-કીર્તન, અન્નકૂટ દર્શન અને મહાપ્રસાદનો હજારો શ્રદ્ધાળુઓએ લાભ લીધો હતો. બીલીમોરા મંદિર ખાતે યોજાયેલા યજ્ઞના મુખ્ય યજમાન પદે બાલકિષ્ણન વિઠ્ઠલ ધેવર, નિલેશભાઈ પાંચાલ અને સુરેશભાઈ પટેલ રહ્યા હતા. દર્શન માટે વહેલી સવારથી જ ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી, જ્યારે મંદિરના પાછળના ભાગમાં વિશાળ મંડપ બાંધી મહાપ્રસાદનું સુવ્યવસ્થિત આયોજન કરાયું હતું.જેનો હજારો ભક્તોએ લાભ લીધો હતો.રક્તદાન કેમ્પ અને સેવાકીય પ્રવૃત્તિઓ ઉજવણીના ભાગરૂપે બીલીમોરા જય જલારામ માનવ સેવા ટ્રસ્ટ અને એન.એમ.પી. બ્લડ બેંકના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું, જેમાં રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર આયોજનને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખ મગનભાઈ પટેલ, ઉપપ્રમુખ મગનભાઈ મકવાણા, ભગવતીપ્રસાદ દાસ, કનૈયાલાલ વર્મા, જયેશ હિંડોચા સહિત ટ્રસ્ટીગણ અને સ્વયંસેવકોએ ખડેપગે સેવા બજાવી હતી. દિવસભરના ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમો બાદ રાત્રિના સમયે બીલીમોરા સહિત ગણદેવી પંથકમાં ભજન-કીર્તન અને ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેણે જલારામ જયંતિની ઉજવણીને વધુ યાદગાર બનાવી હતી.

ડાંગમાં આદિજાતિ ગૌરવ દિવસની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા.૧૬: ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં 'આદિજાતિ ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે ડાંગ જિલ્લામાં સાધુ-સંતો અને આધ્યાત્મિક મહાનુભાવોના આશીર્વાદ મેળવવાનો એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ અને ધારાસભ્ય વિજયભાઈ પટેલ સહિત ભાજપના આગેવાનોએ સુપ્રસિદ્ધ અર્ધનારેશ્વરી નાગ જ્યોર્તિલિંગ મઠના મઠાધિપતિ પૂજ્ય અનેકરૂપી મહારાજની વિશેષ મુલાકાત લીધી હતી.

આ કાર્યક્રમમાં પ.પૂ. પી.પી. સ્વામીજીની પણ ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. મહાનુભાવોએ પૂજ્ય અનેકરૂપી મહારાજના આશીર્વાદ મેળવીને નાગ જ્યોર્તિલિંગના દર્શન કર્યા હતા અને ત્યારબાદ ભગવાન બિરસા મુંડાની આરતી ઉતારી હતી.

આ અવસરે ઉપસ્થિત સૌએ ભગવાન બિરસા મુંડાના સંઘર્ષ, બલિદાન અને આદિવાસી સમાજના ગૌરવશાળી ઇતિહાસને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પી હતી. વધુમાં, આદિજાતિ ગૌરવ દિવસના મુખ્ય કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે પૂજ્ય અનેકરૂપી મહારાજને ભાવભર્યું આમંત્રણ પણ પાઠવવામાં આવ્યું હતું. આ સમગ્ર ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ડાંગ ભાજપા સંગઠન પ્રભારી શિલ્પેશ દેસાઈ, ડાંગ ભાજપા પ્રમુખ સુરેશભાઈ ચૌધરી તેમજ ડાંગ કલેક્ટર એન.ડી. પરમાર સહિતના પદાધિકારીઓ અને વહીવટી અધિકારીઓ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગમાં જનજાતિય ગૌરવ દિવસ નિમિત્તે પરંપરાગત રમતો યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

આહવા, તા.૧૬ : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ઉજવાતા જનજાતિય ગૌરવ દિવસ અંતર્ગત ડાંગ જિલ્લામાં તા. ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ આહવામાં વિવિધ સ્થળોએ પરંપરાગત રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. યુવાનોમાં આપણી સંસ્કૃતિ અને દેશી રમતો પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી કબડ્ડી, રસ્સાખેંચ, ખો-ખો, લીંબુ ચમચી, કોછળા કુદ જેવી રમતો રમાડવામાં આવશે.આ રમતોમાં ભાગ લેવા માંગતા તમામ રમતવીરો (ભાઈઓ અને બહેનો) એ તા. ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે લીંબુ ચમચી- સ્થળ સાંસ્કૃતિક ભવન હોલ, કોછળા કુદ અને રસ્સા ખેંચ - સ્થળ રંગઉપવન મેદાન, ખો-ખો - સ્થળ EMRS શાળા આહવા, કબડ્ડી - સ્થળ સાંસ્કૃતિક ભવન હોલ આહવા ખાતે રમતોનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે જિલ્લાના કન્વીનર પરેશભાઇ ગાવિત મો.નં ૯૯૦૯૯૧૩૧૪૮ ને રિર્પોટિંગ કરવાનું રહેશે.

વધુમાં વધુ રમતવીરોને આ પરંપરાગત રમતોમાં ઉત્સાહભેર ભાગ લેવા ડાંગ જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

વાંસદા જલારામ બાપાના મંદિરે જન્મ જયંતી અને ૩૫ મો પાટોત્સવ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાંસદા, તા.૧૬ : વાંસદા જલારામ બાપા ના મંદિરે પૂજ્ય જલારામબાપા ની ૨૨૭ મી જન્મ જયંતી અને વાંસદા મંદિર નો ૩૫ મો પાટોત્સવ ઉજવાયો.

જલારામ બાપા ની આરતી થી થયેલ સરૂવાતે બાપા ના જન્મ ના દિવસ રંગે ચંગે ઉજવાયો. બાપા ના ભક્તો માં અનેરો ઉત્સાહ જોવા મળ્યો. સાથે સાથે હવન પૂજા નગરના સરપંચ ગુલાબ ભાઈ પટેલ, મયુર ભાઈ પટેલ, તથા હિરલ રાણા પૂજા માં બેસી પૂર્ણ કરી હતી. બપોરે હર્ષોલ્લાસ થી બાપા ના જન્મ



ઉજવાયો અને લગભગ ૬ થી ૭ હજાર ભક્તો એ મહા પ્રસાદી નો લાભ લીધો. સાંજે ૪ કલાકે નગર માં શોભાયાત્રા જનમેદની સાથે નીકળી. અંતે સર્વે દાતા ઓ અને નમી અનામીનો જલારામ મંદિર વતી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

બીલીમોરા સોમનાથ મંદિરે આદિવાસી લોકનૃત્ય ઘેરૈયા સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૧૬: બીલીમોરા સોમનાથ મંદિર પરિસરમાં લાભપાંચમને શનિવારે ૩૧મી આદિવાસી લોકનૃત્ય ઘેરૈયા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં દક્ષિણ ગુજરાતના માંથી માઁ જય ભવાની યુવક મંડળ ઘડોઈ બિરસામુંડા આદિવાસી ઘેરિયા મંડળ સિણધઈ, જય જલારામ ઘેરિયા મંડળી સાલેજ,નવર્જન યુવક મંડળ અનાવલ, ઢોડીઆ આદિવાસી ઘેર મંડળ સિણધઈ અને જય માઁ ભવાની યુવક મંડળ મહુડીએ ભાગ લીધો હતો.ઘેરૈયા નૃત્ય કલાને માણી લોકોએ લાભ પાંચમ નાં શુકન કર્યા હતા.

દક્ષિણ ગુજરાત ના આદિવાસી સમાજ ની પ્રાચીન ઘેરૈયા નૃત્ય પરંપરા આજે લુપ્ત નહીં પણ મર્યાદિત થઈ છે. ત્યારે બીલીમોરાના સુપ્રસિધ્ધ સોમનાથ મંદિરના પટાંગણમાં વીતેલા ત્રણ દાયકા થી ઘેરૈયા લોકનૃત્ય ને જીવંત રાખવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ઘેરૈયા મંડળો ના પુરુષ સ્પર્ધકો બ્લાઉસ ઉપર સાડી ધોતિયામાં અર્ધનારેશ્વરરૂપ સાથે ઝાંઝર, મોરપીંછ, ધુધરમાળ, ગળા માં ગલગોટા ના હાર, ચેહરા સજાવી, મનમોહક અદા અને હાથમાં દાંડિયા લઈ લયબદ્ધ ગીત સંગીતના સથવારે હમરેક મોરચા ની રમઝટ જમાવી હતી. આ વર્ષે ઘેરૈયા સ્પર્ધામાં પ્રથમ સાલેજ જય જલારામ ઘેરિયા મંડળ વિજેતા બની હતી, જ્યારે બીજા સ્થાને ઘડોઈ જય ભવાની મંડળ અને ત્રીજા સ્થાને સિણધઈ બિરસામુંડા આદિવાસી ઘેરિયા મંડળ રહયું હતું,જ્યારે કવિઆ સ્પર્ધામાં પ્રથમસાલેજના રાજુભાઈ, દ્વિતીય ઘડોઈના સતીષભાઈ અને ત્રીજા સ્થાને અંબિકા તાલુકાના મુકેશભાઈ રહ્યા હતા. વેશભૂષામાં સહિત અન્ય શ્રેષ્ઠ દેખાવકારોને પુરસ્કાર એનાયત કરાયા હતા.

અમલસાડમાં વિવિધ કાર્યકારી સહકારી ખેડૂત મંડળીમાં ચીકુ વેપારનો શ્રી ગણેશ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૧૬: લાભ પાંચમે અમલસાડ એપીએમસી માં ૩૫૦૦ મણ જેટલા ચીકુ ની આવક આવી હતી.અમલસાડ મંડળી ૩૫૦૦ મણ ચીકુ ની આવક આવી હતી. અમલસાડ વિભાગ ની તમામ ની મંડળી ની કુલ આવક ૮૫૦૦ મણ છે. કુલ બોક્સ ૧૭૦૦૦ છે ગત વર્ષ કરતા વધું આવક છે.

અમલસાડ પંથક નાં વિશ્વ વિખ્યાત અમલસાડી ચીકુ ને લાભ પાંચમે દિલ્હી નાં બજારમાં મોકલાવી



ચીકુ સિઝનનાં શ્રી ગણેશ કરાયા

હતા. ચાલુ વર્ષે ભયાવહ પૂર અને વરસાદ ને પગલે ચીકુ ઉપર અસર વર્તાવા ની દહેશત હતી. બદલાયેલા વાતાવરણ ને પગલે ખેડૂત આલમ માં ચિંતા હતી. જોકે પ્રથમ દિવસે ધારણા ની વિપરીત અમલસાડ પંથક ની વિવિધ મંડળીઓ માં ૮૫૦૦ મણ એટલે કે ૧૭હજાર બોક્ષ જેટલા ચીકુ ની આવક થઈ હતી. આ સમાચાર લખાય તે વેળા કામગીરી ચાલી રહી છે. અમલસાડ વિભાગ વિવિધ કાર્યકારી સહકારી ખેડૂત મંડળીનાં નિમેશભાઈ નાયક હેમંત નાયક, આશિષ નાયક સહિત અગ્રણીઓનાં માર્ગદર્શન હેઠળ કામગીરી ચાલી રહી છે.

ડાંગની દિવ્યાંગ મહિલા ક્રિકેટર કલ્પના ચૌર્યાને એથર ઈન્ડસ્ટ્રીઝ સુરત દ્વારા ક્રિકેટ કિટ અર્પણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા.૧૬: ડાંગ જિલ્લાના આદિવાસી વિસ્તારની - તિભાશાળી મહિલા ક્રિકેટર કલ્પના ચૌર્યાની ભારતીય બ્લાઇન્ડ મહિલા ક્રિકેટ ટીમમાં પસંદગી થતા જ સમગ્ર વિસ્તાર માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે.તેમની આ સિદ્ધિને બિરદાવવા અને રમતગમત ક્ષેત્રે વધુ પ્રોત્સાહન મળે તે હેતુથી એથર ઈન્ડસ્ટ્રીઝ સુરત દ્વારા કલ્પના ચૌર્યાને જરૂરી ક્રિકેટ કિટ ભેટ આપવામાં આવી હતી. આ ક્રિકેટ કિટમાં બેટ, બેટિંગ ગ્લોવ્સ, ની-ગાર્ડ, હેલ્મેટ, ક્રિકેટ શૂઝ, રિસ્ટ બેન્ડ, સેફ્ટી ગાર્ડ (એબ્ડોમિનલ ગાર્ડ) અને ટ્રેકસૂટ સહિતની જરૂરી રમતગમતની સામગ્રીનો સમાવેશ થાય છે.ઉલ્લેખનીય છે કે કલ્પના ચૌર્યાની પસંદગી ક્રિકેટ એસોસિએશન ફોર



ધ બ્લાઇન્ડ ઇન ઇન્ડિયા (CABI) દ્વારા નેપાળ સામેની આગામી દ્વિપક્ષીય શ્રેણી માટે જાહેર કરાયેલી ૧૭ સભ્યોની ભારતીય ટીમમાં થઈ છે.

તેઓ ગુજરાતમાંથી પસંદગી પામેલી એકમાત્ર ખેલાડી છે. કલ્પના ચૌર્યાનો સમાવેશ B1 કેટેગરીમાં થયો છે, જેમાં સંપૂર્ણ દ્રષ્ટિહીન ખેલાડીઓનો સમાવેશ થાય છે.કલ્પનાની આ સિદ્ધિ ડાંગ જિલ્લા સહિત સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત છે.જેમાં ડાંગ જિલ્લાની આ દીકરીનું સિલેક્શન થતાની સાથે જ એથર ઈન્ડસ્ટ્રીઝ સુરત દ્વારા આ દીકરીનો સંપર્ક કરી ક્રિકેટ કિટ અર્પણ કરીને તેમને રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં છે.

આ સહયોગથી કલ્પના ચૌર્યાને પોતાની રમત આગળ વધારવા માટે પ્રેરણા મળશે. કલ્પના ચૌર્યાને એથર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કીટ અર્પણ કરતા ડાંગની દીકરી સહિત તેના કોચ દ્વારા એથર ઈન્ડસ્ટ્રીઝ સુરતનો આભાર વ્યક્ત કર્યો હતો.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

મંગળવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૩૧

7		5				9	2	1
4	2		3					
					9	5		
				7			9	
	9		6		1		8	
	1			5				
		4	5					
					4		1	6
2	7	3				4		8

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૩૦નો ઉકેલ

2	1	3	5	6	7	8	9	4
5	6	7	9	4	8	2	3	1
9	4	8	3	1	2	5	7	6
7	2	4	8	5	9	6	1	3
6	8	1	4	7	3	9	5	2
3	9	5	1	2	6	4	8	7
1	7	6	2	8	5	3	4	9
4	5	9	6	3	1	7	2	8
8	3	2	7	9	4	1	6	5

ઉમરસાડી ખાતે રૂા.૨૩.૫૬ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું નાણાંમંત્રી હસ્તે ખાતમુહૂર્ત





ઉમરસાડીનો ફૂટઓવર બ્રિજ સમગ્ર ગુજરાતના કોસ્ટલ વિસ્તારોમાં એક મોડેલ તરીકે પ્રસ્થાપિત થશે : મંત્રી કનુભાઈ દેસાઈ

વલસાડ, તા.૧૬ : નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે પારડી તાલુકાના ઉમરસાડી ખાતે માળખાગત વિકાસ માટે આશરે રૂા.૨૫ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ લાભપાંચમની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ઉમરસાડી માછીવાડ ખાતે ફૂટઓવર બ્રિજ બનાવવાની બહેનોની લાંબા સમયની માંગણી આજે પૂર્ણ થઈ રહી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ ફૂટઓવર બ્રિજ સમગ્ર ગુજરાતના કોસ્ટલ વિસ્તારોમાં એક મોડેલ તરીકે પ્રસ્થાપિત થશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, બ્રિજના નિર્માણ માટે શરૂઆતમાં ૯ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા, પરંતુ જમીનની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેની ડિઝાઈન અને જગ્યામાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થતાં હવે તેનો અંદાજિત ખર્ચ ૨૧ કરોડ રૂપિયા થવા જઈ રહ્યો છે.

વધુમાં મંત્રી કનુભાઈ દેસાઈએ ૧૯૯૯-૨૦૦૦ની હોનારતનો ઉલ્લેખ કરી જૂની પેઢીના સંઘર્ષને યાદ કરીને હંમેશા સાથ આપવા બદલ ગ્રામજનો, સરપંચ અને સ્થાનિક આગેવાનોનો આભાર માન્યો હતો. પથ્થરના વિઘ્નને દૂર કરવા રશિયન એન્જિનિયરોની મદદથી બની રહેલી ફ્લોટિંગ જેટીનું કામ, બમણા ખર્ચે પણ ડિસેમ્બરના અંત સુધીમાં પૂર્ણ કરવાની ખાતરી પણ મંત્રીએ આપી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના આ વિકાસલક્ષી પ્રયાસો લોકોની ખુશી માટે અતિ મહત્વના છે. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારના નેતૃત્વની પ્રશંસા કરતા કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી અને અમિત શાહ જેવા રાષ્ટ્રીય નેતાઓ તેમજ રાજ્યના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી જેવા -બળ નેતાઓ દક્ષિણ ગુજરાતના વિકાસ માટે સતત ચિંતિત છે. તેમણે કાર્યક્રમમાં ઉપસ્થિત વડીલો અને આગેવાનોનો આભાર માનતા જણાવ્યું હતું કે, જ્યાં વડીલો અને યુવાનોનો સંગમ હોય છે ત્યાં ગામનો વિકાસ વધુ સારી રીતે થઈ શકે છે.

આ વિકાસ કાર્યોમાં મુખ્યત્વે રૂ. ૨૦.૨૦ કરોડના ખર્ચે કોઢારખાડી પર ઉમરસાડી માછીવાડ ગામથી ઉમરસાડી માછીવાડ બીચને જોડતા ૧૯૦ મીટર લંબાઈના ફૂટઓવર બ્રિજનું નિર્માણ, રૂા. ૨.૦૦ કરોડના ખર્ચે ઉમરસાડી દેસાઈવાડથી નાની માછીવાડ થઈ મોટી માછીવાડ સ્કૂલ ફળિયાને જોડતો રસ્તો, રૂ. ૮૦.૦૦ લાખના ખર્ચે પટેલ ફળિયામાં રામેશ્વર મંદિર તરફ જતો રસ્તો અને રૂા. ૪૦.૦૦ લાખના ખર્ચે માછીવાડ કોસ્ટલ હાઈવેથી દોલતભાઈ મધુભાઈ પટેલની વાડી સુધીના રસ્તાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ભુલકાંઓના શિક્ષણ અને પોષણ માટે ઉમરસાડીના ચૌટા ફળિયા અને ભરવાડ ફળિયા ખાતે પ્રત્યેક રૂ. ૧૬.૦૦ લાખના ખર્ચે બે નવીન આંગણવાડીઓના નિર્માણ કાર્યનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલે સ્વાગત પ્રવચન, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)ના કાર્યપાલક ઈજનેર ભાવેશભાઈ પટેલે કાર્યક્રમની રૂપરેખા અને ઉમરસાડી માછીવાડના સરપંચ ખુશ્બુબેન ટંડેલે આભારવિધિ કરી હતી.

કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ પુનિતભાઈ પટેલ, સંગઠન અગ્રણીઓ વિપુલભાઈ પટેલ અને મહેશભાઈ દેસાઈ, કોટલાવ ગામના સરપંચ દિનેશભાઈ હળપતિ, ગુજરાત રાજ્ય માછી મંડળના પ્રમુખ ક્રિષ્નાભાઈ ટંડેલ સહિત ખુબ જ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

આ બ્રિજ, રસ્તાઓ અને આંગણવાડીઓના નિર્માણ થકી સ્થાનિક નાગરિકોની સુખાકારીમાં વધારો થશે તેમજ પરિવહન અને શિક્ષણની માળખાગત સુવિધાઓ ભવિષ્યમાં વધુ સુદ્રઢ બનશે.

વાપી દમણગંગા નદી કિનારે છઠ્ઠ પૂજા માટે રિવર ફ્રંટ બનશે : કનુભાઈ દેસાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૧૫ : વાપીમાં આજે છઠ્ઠ પૂજા મહોત્સવને લઈ દમણગંગા નદી કિનારે બિહાર વેલ્ફર એસોસિયેશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં હજારો ભક્તોને સંબોધતા રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ તમામને આ પર્વની શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૦માં અહીં છઠ્ઠ પૂજા માટે સુવિધાનો અભાવ હતો. પરંતુ તમામના સહયોગથી સારી સુવિધા કરાઈ છે. આવનાર સમયમાં દમણગંગા નદી સામે કાંઠે ૧૬૦ કરોડના ખર્ચે રિવરફ્રન્ટ બનાવશે. જેનાથી છઠ્ઠ પૂજાની સુવિધા વધશે. કનુભાઈએ તમામ બિહાર અને ઉત્તર ભારતીય સમાજના લોકો વાપીની જનતા સાથે વર્ષોથી હળીમળી રહેતાં હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે વાપીના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીશ પટેલ, વાપી શહેર પ્રમુખ મનિષ દેસાઈ વિગેરે ઉપસ્થિતિ રહ્યાં હતાં જેઓનું બિહાર વેલ્ફર એસોસિયેશનના ચેરમેન કે પી સિંહા, વિપુલ સિંહ સહિત આગેવાનોએ સ્વાગત કર્યું હતું.

દાનહના તડકેશ્વર મહાદેવ મંદિરે પ્રશાસકે દર્શન કર્યા

રસ્તાની મરામત અને સુધારણા કામગીરી અગ્રતાના ધોરણે હાથ ધરવા અધિકારીઓને સૂચના



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા.૧૬ : દાદરા અને નગર હવેલીના પ્રસિદ્ધ તડકેશ્વર મહાદેવ મંદિરની રવિવારે પ્રશાસક પ્રફુલ્લ પટેલે મુલાકાત લીધી હતી. તેમણે મંદિરમાં ભગવાન શિવનાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતાં.

આ મુલાકાત દરમિયાન પ્રશાસકે મંદિર સુધી પહોંચતા માર્ગનું નિરીક્ષણ કરી રસ્તાની સ્થિતિ તેમજ શ્રદ્ધાળુઓની સુવિધા અંગેની વિવિધ બાબતોની સમીક્ષા કરી હતી. તેમણે સંબંધિત અધિકારીઓને માર્ગની જરૂરી મરામત અને સુધારણા કામગીરી અગ્રતાના ધોરણે હાથ ધરવા સૂચના આપી હતી. સાથે જ મંદિરની મુલાકાતે આવતા શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને સરળ, સુરક્ષિત તથા સુવિધાજનક અવરજવર મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

વાપીનું શ્રી સિદ્ધનાથ મિત્ર મંડળ દ્વારા જલારામ જયંતિની ઉજવણી કરાઈ

છેલ્લા ૩૯ વર્ષથી અહી ગણેશ મહોત્સવ, નવરાત્રિ, જલારામ જયંતિ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાય છે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૧૬ : વર્ષોથી શ્રી સિદ્ધનાથ મિત્ર મંડળે માત્ર ધાર્મિક ઉત્સવો જ નહીં, પરંતુ સમાજમાં એકતા, ભાઈચારો, સેવા, સંસ્કાર અને પરસ્પર સહકારની ભાવનાને જીવંત રાખી છે. અનેક વડીલો, યુવાનો, બહેનો અને ભક્તજનોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. કેટલાક આજે આપણી વચ્ચે નથી, પરંતુ તેમનું કાર્ય અને સ્મૃતિઓ હંમેશા આપણી સાથે છે.

મંડળ દ્વારા દર વર્ષે પરમ પૂજ્ય શ્રી જલારામ બાપાના જન્મોત્સવની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. આ આયોજનનો પ્રારંભ ૧૬ વર્ષ પહેલા બબલીબેન ઉર્ફે સરિતાબેન મણિલાલ નાયકની આગ્રહભરી રજૂઆતથી થયો હતો. પહેલી પૂજામાં બકુલભાઈ નાયક અને રમીલાબેન નાયક બેઠા હતા. આ વર્ષે આ ઉત્સવ ૧૭મા વર્ષમાં પ્રવેશ કરે છે. દેવજ્ઞ સમાજ સહિત દરેક જ્ઞાતિના રહેવાસીઓએ સહકાર આપ્યો છે. મેન્યુલભાઈએ જલારામ બાપાની ઝૂંપડીનો કાયમી ઢાંચો બનાવી આપ્યો હતો.

વર્ષ ૨૦૨૬માં ગણેશ મહોત્સવે ૩૯ વર્ષ પૂર્ણ કર્યા છે અને ૨૦૨૭માં તે ૪૦મા વર્ષમાં પ્રવેશ કરશે. બિહારથી આવતા શ્રી રામવૃક્ષજી મહારાજ અને તેમના હેન્ડીકેપ પુત્ર રામુએ સતત ૨૬ વર્ષ સુધી મંડપમાં રહીને સેવા આપી હતી. આશરે બે વર્ષ પહેલા રામવૃક્ષજી મહારાજનું અવસાન થયું હતું. મંડળ તેમને શ્રદ્ધાંજલિ અર્પે છે. જાડી આમલી પાસે રહેતા રઉફ હમીદભાઈ શેખે પણ વર્ષો સુધી સહકાર આપ્યો હતો.

એક સમયે સિદ્ધનાથ ફળિયામાં નવરાત્રી ખૂબ ધામધૂમથી ઉજવાતી હતી. મુંબઈથી પધારતા નટવરલાલ એન. જોશી ઉર્ફે છનું કાકા ચાંદીના મંદિરમાં મા અંબાની આરાધના કરતા હતા. પારડીના ૧૧ બ્રાહ્મણો સાથે વિધિઓ થતી હતી. સવારે સાત વાગ્યે ગ્રામોફોન પર ફ્રઆવ્યા અંબામાતાના નોરતાઋ ગરબો વાગતો હતો.

પારુલબેન નાયકના નેતૃત્વમાં આરતી સજાવટ હરીફાઈ, છપ્પન ભોગ, સંગીત ખુરશી, શરદ પૂનમના દૂધ-પૌંઆ સહિત અનેક કાર્યક્રમો થતા હતા. ભક્તોના સહકારથી રૂા. ૫૫,૦૦૦થી ૬૦,૦૦૦ના સાધનો વસાવવામાં આવ્યા હતાં. આશરે ૫૦ વર્ષથી વિના મહેનતાણે સેવા કરતા પૂજારી દિનેશભાઈ અમરતભાઈ કારભારિનું સન્માન કરવામાં આવ્યું હતું. મંદિર નિર્માણ બાદ ૪૦થી ૫૦ વર્ષ પહેલીવાર સંપૂર્ણ રંગરોગાન થયું હતું. નરેન્દ્ર મોહનજી નાયક ઉર્ફે નંદુભાઈના હસ્તે આ કાર્ય થયું. નિમેશભાઈ શાસ્ત્રીના આચાર્યપદે ૧૧ બ્રાહ્મણો દ્વારા વિધિ થઈ, જેમાં ૧૧ જોડાં પાસેથી કોઈ રકમ લેવામાં આવી નહોતી. જૂના કૂવા અને હવાડાની સેવા, મગનભાઈ પટેલની રહેટ સેવા, પાણીની પરબ, આઝાદીના ૫૦ વર્ષની ઉજવણી, સ્વાતંત્ર્ય સેનાની અમૃતભાઈ નાયકનું તામ્રપત્ર, રાસ-ગરબા હરીફાઈમાં બહેનોની સફળતા અને ક્રિકેટની યાદો આજે પણ જીવંત છે. મંડળ તમામ દિવંગત આત્માઓને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પે છે.

વાપીમા અમૃતવાણી કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૬ : વાપીના ચલામા રવિવારે મહેશ્વરી ભવનમાં સેંકડો ભક્તો દ્વારા સ્વામી સત્ય નંદ મહારાજ દ્વારા રચિત અમૃતવાણીનું ભક્તિભાવથી પાઠ કરવામાં આવ્યું. નોંધનીય છે કે સ્વામી સત્ય નંદ મહારાજ દ્વારા રચિત અમૃતવાણીનું મુંબઈ અને ગુજરાતમાં હજારો ભક્તો દ્વારા ખૂબ જ ભક્તિભાવથી પાઠ કરવામાં આવે છે. વાપીમાં દર રવિવારે ભક્તોના ઘરે યોજાતા પાઠમાં સેંકડો ભક્તો ભાગ લે છે. વાપીમાં શ્રી હરિ ઓમ સત્સંગ સમિતિ આ કાર્યક્રમનું આયોજન કરે છે. સમિતિના સંયોજક મહેશ સરાફે સમજાવ્યું કે આ કાર્યક્રમનો હેતુ આપણી ભાવિ પેઢીઓને આધુનિક પશ્ચિમી જીવનમાં ભગવાન રામના સનાતન મૂલ્યો અને આદર્શોનો પરિચય કરાવવાનો છે. સમિતિ દ્વારા, અમે અન્ય ઘણી ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાઈને સમાજને એક કરવાનું કામ ચાલુ રાખીશું.

વાપીમાં ગાંધી માર્કેટ વિસ્તારમાં જલારામ જયંતિ ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૧૬ : વાપી (વેસ્ટ)ના મહાત્મા ગાંધી માર્કેટ, મેઈન બજાર રોડ સ્થિત શ્રી સંકટ મોચન મહાબલી હનુમાન મંદિર ખાતે આજે સોમવાર, તા.૧૬/૧૧/૨૦૨૬ના રોજ શ્રી સાર્વજનિક જલારામ જયંતિ મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સવારે ૧૧-૦૦ કલાકે જલારામ બાપાની પૂજા અને આરતી ત્યારબાદ બપોરે ૧૨-૦૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાંજે ૪ કલાક સુધી હજારો ભક્તોએ લાભ લીધો હતો.

આયોજકો તરફથી તમામ ભક્તજનોને ભલે પધારો. જાહેર આમંત્રણઋ પાઠવવામાં આવ્યું છે. મેઈન બજાર રોડ પર ગાંધી માર્કેટ પાછળ આવેલા વિસ્તારમાં લગાવાયેલા ભવ્ય બેનરથી સમગ્ર વિસ્તારમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો. અહી છેલ્લા ૩૨ વર્ષથી જલારામ જયંતિ ઉજવાય છે.

દમણમાં છઠ્ઠ પૂજાએ દરિયા કિનારે ભક્તિમય માહોલ સર્જાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા.૧૬ : કેન્દ્રશાસિત -દેશ દમણ મિની ઈન્ડિયા તરીકે ઓળખાય છે. અહીં દેશના વિવિધ રાજ્યો અને -તોના લોકો વસવાટ કરે છે. ખાસ કરીને ઉત્તર ભારત અને બિહારના પરિવારોની મોટી વસ્તી દમણમાં રહે છે.

લોકઆસ્થાના મહાપર્વ છઠ પૂજાના અવસરે દમણમાં ભક્તિ અને શ્રદ્ધાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. નાની દમણના પરકોટા શેરીથી લઈને જુપીટર બીચ અને કડિયા દરિયાકિનારા સુધી હજારો પરિવારો એકત્રિત થયા હતા. વ્રતધારી મહિલાઓ અને પુરુષોએ અસ્તાચળગામી સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કરી પરિવારની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે -ર્થના કરી હતી.

છઠ પૂજાને લઈને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. શ્રદ્ધાળુઓની સુરક્ષા, દરિયામાં સલામતી, પોલીસ બંદોબસ્ત તેમજ અન્ય જરૂરી સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને શ્રદ્ધાળુઓ શાંતિપૂર્ણ રીતે પૂજાવિધિ કરી શકે.દમણના લોકલ લોકો પણ આ જોવામાં હાજર રહ્યા હતા.

પારડી પાર નદી કિનારે છઠ્ઠ પૂજાની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા.૧૬ : પારડી પાર નદી કિનારે ઉત્તર ભારતીય સમાજ દ્વારા છઠ પૂજાના પવિત્ર દિવસે ભગવાન સૂર્યની પૂજા કરવામાં આવી હતી. અહીં પારનદીના કિનારે રવિવારના રોજ વિશાળ સંખ્યામાં ઉત્તર ભારતીય સમાજના ભાઈ બહેનો ભેગા થયા હતા અને પવિત્ર છઠ પૂજાની ઉજવણી કરી હતી. આ ઉજવણી દરમિયાન બહેનોએ ડૂબતા સૂર્યને જળ આપ્યો હતો અને વિવિધ પૂજાની સામગ્રી વડે ભગવાન સૂર્યની પૂજા કરી હતી. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ઉત્તર ભારતીય સમાજના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતાં અને દર વર્ષની જેમ આ વર્ષે પણ પારડી નગરપાલિકા દ્વારા સુંદર લાઈટની વ્યવસ્થા કરવામાં આવી હતી અને પોલીસ બંદોબસ્ત પર રાખવામાં આવ્યો હતો એકંદરે છઠપૂજા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી.

દમણમાં છઠ્ઠ પૂજાના વ્રતધારીઓ અને શ્રદ્ધાળુઓ માટે સેવા કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૧૬ : લોકઆસ્થાના મહાપર્વ છઠ્ઠ પૂજાના પાવન અવસરે ભારતીય તૈલીક સાહુ રાઠોડ મહાસભા, દાદરા નગર હવેલી અને દમણ-દીવ દ્વારા નાની દમણ જેટી દરિયાકિનારે આવેલા છઠ્ઠ ઘાટ પર વ્રતધારીઓ અને શ્રદ્ધાળુઓની સેવા માટે વિશેષ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેવા કેમ્પમાં છઠ્ઠ વ્રતધારીઓ અને શ્રદ્ધાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને પીવાનું પાણી, ચા, ગરમ પાણી તેમજ ભગવાન સૂર્યને અર્ઘ્ય અર્પણ કરવા માટે શુદ્ધ ગાયના દૂધની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ સેવા કાર્યમાં મહાસભાના હોદ્દેદારો અને સમાજના સભ્યોએ ઉત્સાહ અને સમર્પણ સાથે ભાગ લીધો હતો. તમામ સભ્યોએ સાથે મળીને છઠ્ઠ વ્રતધારીઓની સેવા કરી હતી અને પવિત્ર પર્વ નિમિત્તે સેવા, સહયોગ અને સામાજિક એકતાનો સંદેશ આપ્યો હતો.

આ પ્રસંગે મહાસભાના પ્રદેશ અધ્યક્ષ સંજય સાહ, ઈન્દ્રભાન ગુમા, વિષ્ણુ ગુમા, સચિન કુમાર, પ્રકાશ તેલી, બુધન સાહ, સોનુ કુમાર, કાશી, નિકેશ કુમાર, બૃજેશ ગુમા, મુન્ના સાહુ, મનોજ ગુમા, દીપક ગુમા, ત્રિભુવન ગુમા સહિત સમાજના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને સેવા કાર્યમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. અંતમાં મહાસભા દ્વારા તમામ છઠ્ઠ વ્રતધારીઓ અને શ્રદ્ધાળુઓને છઠ્ઠ મહાપર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી તેમના સુખ, સમૃદ્ધિ અને મંગલમય જીવનની કામના કરવામાં આવી હતી.

વિશેષ વાંચન

● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત

શરદ કપૂરની હાલત જોઈ ચાહકો ચિંતિત, કામ માટે કરી અપીલ

ફૂટબોલ રમતી વખતે પગમાં ગંભીર ઈજા થતાં સારવાર હેઠળ, જાન્યુઆરીથી ફરી અભિનય શરૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી



શાહરૂખ ખાન અને રિતિક રોશન જેવા દિગ્ગજ કલાકારો સાથે કામ કરી ચૂકેલો જાણીતો અભિનેતા શરદ કપૂર (જેણે 'જોશ' જેવી યાદગાર ફિલ્મમાં કામ કર્યું છે) હાલમાં એક ખૂબ જ ભાવુક અને ચર્ચાસ્પદ મામલાને લઈને ચર્ચામાં આવ્યો છે.

સોશિયલ મીડિયા પર તેનો એક વીડિયો વાઇરલ થઈ રહ્યો છે, જેમાં તે પોતાના ચાર પાલતુ કૂતરાઓથી વિદાય લેતી વખતે આંસુ રોકવાનો પ્રયાસ કરતો નજરે પડે છે.વાઇરલ થયેલી આ ક્લિપમાં શરદ કપૂર પોતાના ચાર વહાલા કૂતરાઓને પશુ કલ્યાણ કેન્દ્રમાં મોકલતા ખૂબ જ પરેશાન અને ભાવુક દેખાઈ રહ્યો છે. એક સમય હતો જ્યારે આ અભિનેતા તેના લુક્સ અને ફિટનેસ માટે જાણીતો હતો, પરંતુ આ વીડિયોમાં તેની અલગ જ હાલત જોઈને ફેન્સ ચિંતામાં મુકાઈ ગયા છે.શરદ કપૂરની ખાસ મિત્ર હેમા ચૌધરી દ્વારા શેર કરાયેલા આ વીડિયોમાં શરદ ચાલવા માટે વોકરના સહારે નજરે પડી રહ્યો છે અને તે પોતાના ચાર પાલતુ કૂતરાઓને અસ્થાયી રૂપે મુંબઈના YODA એનિમલ વેલફેર સેન્ટર વિદાય આપી રહ્યો છે, જે દ્રશ્ય જોઈને તેમના પ્રશંસકો ખૂબ ચિંતામાં મુકાઈ ગયા છે.પોતાના સ્વાસ્થ્ય વિશે વાત કરતા શરદ કપૂરે જણાવ્યું કે, 'હું બાર્સેલોનામાં ફૂટબોલ રમવા ગયો હતો. ત્યાં મોટા ખેલાડીઓ વચ્ચે અચાનક હું પોતાની જાતને 'મેસી' સમજવા લાગ્યો અને રમત દરમિયાન એક ખેલાડીના સામાન્ય સ્પર્શથી મારા પગમાં ગંભીર ઈજા થઈ ગઈ.

હાલમાં ડૉક્ટર આનંદની સારવાર હેઠળ હું સ્વસ્થ થઈ રહ્યો છું અને ડૉક્ટરોના જણાવ્યા અનુસાર આગામી બે મહિનામાં હું સંપૂર્ણપણે સાજો થઈ જઈશ.'અભિનેત્રી જયા ભટ્ટાચાર્ય દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા વીડિયોમાં શરદ કપૂર ઈન્ડસ્ટ્રીના નિર્માતાઓ અને દિગ્દર્શકો પાસે કામ માટે અપીલ કરી રહ્યો છે. તેણે વીડિયોમાં જણાવ્યું કે, 'હું જાન્યુઆરીથી ફરીથી કેમેરા સામે કામ શરૂ કરવા ઈચ્છું છું. મને સારા રોલ અને કામની સખત જરૂર છે. હિન્દી ફિલ્મો, સિરિયલો તેમજ OTT પ્લેટફોર્મ્સ પર કામ કરવા માટે ઉત્સુક છું, કારણ કે આજે ઓટીટી માધ્યમથી કલાકારો કરોડો દર્શકો સુધી પહોંચી શકે છે.' શરદ કપૂરે સૌનો આભાર માનતા ફરીથી ઈન્ડસ્ટ્રીમાં શાનદાર વાપસી કરવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી છે.અભિનેતા શરદ કપૂરે શરૂઆતમાં સંઘર્ષ બાદ ટીવી સિરિયલ 'સ્વાભિમાન' અને 1994ની ફિલ્મ 'મેરા પ્યારા ભારત'થી અભિનય સફર શરૂ કરી હતી. વર્ષ 2000ની ફિલ્મ 'જોશ'માં શાહરૂખ ખાનના વિલન (પ્રકાશ શર્મા)ના રોલથી તેમને અસલી ઓળખ અને ફિલ્મફેર નોમિનેશન મળ્યું. તેમણે 'એલઓસી કારગિલ', 'લક્ષ્ય', 'વાન્ટેડ', બંગાળી ફિલ્મો અને 'ધ ગુડ મહારાજા' સહિત 40થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે અને મુંબઈ-બંગલુરુમાં રેસ્ટોરન્ટ્સ પણ ચલાવે છે.તેના અંગત જીવનની વાત કરીએ તો, તેમણે પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી જ્યોતિ બસુની પૌત્રી કોએલ બસુ સાથે લગ્ન કર્યા છે અને નવેમ્બર 2024માં તેના પર યૌન ઉત્પીડનનો એક ગંભીર આરોપ લાગ્યો હતો, જો કે તે ક્યારેય સાબિત થયો ન હતો.

૧૦૦ કલાકારોના ઓડિશન બાદ રામાનંદ સાગરને તેમનો મનપસંદ રાવણ મળ્યો



ભારતીય સિનેમાના ઈતિહાસની સૌથી મહત્વપૂર્ણ ફિલ્મોમાંની એક, 'રામાયણ', સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. આ ફિલ્મ ખૂબ જ સારું પ્રદર્શન કરી રહી છે અને તમામ પાત્રોના અભિનયના ખૂબ વખાણ થઈ રહ્યા છે. જોકે, રાવણની ભૂમિકામાં યશે સૌથી વધુ પ્રશંસા મેળવી છે. ઘણા લોકો તેમની સરખામણી અરવિંદ ત્રિવેદી સાથે કરી રહ્યા છે, જેમણે લગભગ ચાર દાયકા પહેલા 'રામાયણ' ટેલિવિઝન શ્રેણીમાં રાવણનું પાત્ર ભજવ્યું હતું. તાજેતરમાં, અરવિંદ ત્રિવેદીની પુત્રી, કવિતા ઠાકરે 'રામાયણ' શ્રેણી અને તેમના પિતા દ્વારા ભજવવામાં આવેલા રાવણના પાત્ર વિશે વાત કરી હતી.તેમણે રામાનંદ સાગરની ટેલિવિઝન શ્રેણી 'રામાયણ' વિશે ચર્ચા કરી અને જણાવ્યું કે તેમના પિતાને રાવણની ભૂમિકા કેવી રીતે મળી. તેમણે ઓડિશન પ્રક્રિયા વિશે વિગતો આપી અને એ પણ સમજાવ્યું કે શા માટે તેમના પિતા આ પાત્ર ભજવ્યા પછી વ્યથિત થઈ ગયા હતા.તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, કવિતાએ જણાવ્યું કે જ્યારે અરવિંદ ત્રિવેદી સેટ પર પહોંચ્યા ત્યારે ત્યાં ઓડિશન ચાલી રહ્યા હતા. તેઓ વાસ્તવમાં 'કેવટ'ના પાત્ર માટે ઓડિશન આપવા ગયા હતા. જોકે, રામાનંદ સાગરે તેમને એક ચોક્કસ પોશાક પહેરવા અને કેટલાક સંવાદો બોલવા કહ્યું, ત્યારબાદ તેમનો સ્ક્રીન ટેસ્ટ લેવામાં આવ્યો. આ પહેલાં, રાવણની ભૂમિકા માટે અન્ય ૧૦૦ લોકોએ ઓડિશન આપ્યું હતું, પરંતુ રામાનંદ સાગરને કોઈ યોગ્ય લાગ્યું ન હતું. જ્યારે તેમના પિતાએ પોતાની આગવી શૈલીમાં રાવણના સંવાદો બોલ્યા, ત્યારે રામાનંદ સાગરની આંખોમાં એક ચમક જોવા મળી.

''કવિતાના જણાવ્યા અનુસાર, અરવિંદ ત્રિવેદી રાવણની ભૂમિકા મળવાથી ખૂબ આશ્ચર્યચકિત થઈ ગયા હતા, કારણ કે તેઓ મૂળ તો કેવટના પાત્ર માટે ઓડિશન આપવા આવ્યા હતા. તેનું કારણ એ હતું કે, અભિનય દરમિયાન તેમણે ઘણી વખત ભગવાન રામ પ્રત્યે અનાદર દર્શાવવો પડતો હતો. ભગવાન રામ પ્રત્યે અતૂટ ભક્તિ ધરાવતા અરવિંદ ત્રિવેદીને 'રામાયણ'માં ભૂમિકા ભજવ્યા બાદ પસ્તાવો થયો હતો અને તેઓ કલાકો સુધી પ્રાર્થનામાં લીન રહીને ભગવાન રામ પાસે ક્ષમા માંગતા હતા.



લોકેટ વિવાદમાં કરીના કપૂરના સમર્થનમાં હિન્દુ સંગઠન ઉતર્યું

૨૦૦ વર્ષ જૂના શાહી લોકેટમાં કુરાનની આયત લખેલી હોવાના કારણે સર્જાયેલા વિવાદમાં સંગઠને અભિનેત્રીનો પક્ષ લીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)

બોલિવૂડ અભિનેત્રી કરીના કપૂર ખાન દ્વારા દીવાળીના અવસરે પહેરવામાં આવેલા એક પન્નાના પ્રાચીન શાહી લોકેટને લઈને સોશિયલ મીડિયા પર મોટો વિવાદ સર્જાયો છે. આ લોકેટ પર કુરાનની આયત લખેલી હોવાને કારણે મધ્યપ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા અબ્બાસ હાફિઝ દ્વારા અભિનેત્રીને કાનૂની નોટિસ મોકલવામાં આવી છે. જોકે, આ સમગ્ર વિવાદ વચ્ચે હવે હિન્દુ ઉત્સવ સમિતિ અને સંસ્કૃતિ બચાવો મંચ કરીનાના સમર્થનમાં આગળ આવ્યા છે.હિન્દુ ઉત્સવ સમિતિના અધ્યક્ષ ચંદ્રશેખર તિવારીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, 'કરીનાએ આ બાબતે કોઈની પાસે માફી માંગવાની જરૂર નથી. લોકેટ ગળામાં પહેરવા માટે હોય છે અને જો તેના પર કુરાનની આયત લખેલી હોય, તો પણ કરીના તેને કોઈ એવી



જગ્યાએ નહીં પહેરે કે જ્યાં તેનું અપમાન થાય. કરીના ભોપાલના પૂર્વ શાહી પરિવારની વહુ છે, તેથી પોતાના સાસુના પરિવાર સાથે જોડાયેલી વારસાની ચીજવસ્તુઓ પહેરવી એ એક સ્વાભાવિક બાબત છે.'

સેલિબ્રિટી સ્ટાઈલિશ રિયા કપૂરે જણાવ્યું હતું કે, 'કરીનાએ આ લગભગ ૨૦૦ વર્ષ જૂનું પન્નાનું લોકેટ પહેર્યું છે, જે ભોપાલના પૂર્વ શાહી પરિવારના વારસા સાથે જોડાયેલું છે.' લોકેટ પર કુરાનની આયત હોવાની વાત સામે આવ્યા બાદ કોંગ્રેસ પ્રવક્તા અબ્બાસ હાફિઝે વકીલ મારફતે કાનૂની નોટિસ મોકલી હતી. તેમનું માનવું છે કે ધાર્મિક આયતને આ પ્રકારે સોશિયલ મીડિયા પર પ્રદર્શિત કરવાથી મુસ્લિમ સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચી છે, તેથી તસવીરો હટાવીને માફી માંગવી જોઈએ.

અક્ષયકુમાર અને સુનિલ શેટ્ટીની જોડી ફરી પડદા પર આવશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

અક્ષયકુમાર, સુનિલ શેટ્ટી, પરેશ રાવલ અને જૉની લિવરની તગડી સ્ટારકાસ્ટ ધરાવતી કૉમેડી-એક્શન ફિલ્મ 'આવારા પાગલ દિવાના'ની સિક્વલ બનવા જઈ રહી છે. આજથી ચાર વર્ષ પહેલા થિયેટરમાં રિલીઝ થયેલી આ ફિલ્મે દર્શકોને પેટ પકડીને હસાવ્યા હતા અને ભરપુર મનોરંજન કર્યું હતુ. જો કે હવે ફિલ્મના મુખ્ય અભિનેતા રહી ચૂકેલા સુનિલ શેટ્ટીએ 'આવારા પાગલ દિવાના'ની સિક્વલની જાહેરાત કરી દીધી છે.સુનિલ શેટ્ટીએ આ વાતની પુષ્ટિ કરી છે કે, આ ફિલ્મ 'આવારા પાગલ દિવાના ૨' આગામી વર્ષની શરૂઆતમાં રિલીઝ થઈ જશે. હાલ આ ફિલ્મની સિક્વલ બની રહી છે. મારા મતે, આગામી વર્ષની શરૂઆત સુધીમાં જ ફિલ્મનું શુટિંગ પુરું થઈ જશે. આ સાથે જ લગભગ બે દાયકા કરતાં વધુ સમય બાદ સુનિલ શેટ્ટી બૉલિવૂડના ખિલાડીકુમાર સાથે સ્ક્રીન શેર કરશે.અગાઉ ૨૦૦૨માં 'આવારા પાગલ દિવાના' ફિલ્મનો પ્રથમ ભાગ આવ્યો હતો. જબરદસ્ત એક્શન અને કૉમેડી સીનના કારણે આ ફિલ્મે દર્શકોને ભરપુર મનોરંજન પુરુ પાડ્યું હતુ. આ ફિલ્મ બોક્સ ઑફિસ પર સુપર હિટ સાબિત થઈ હતી.અક્ષય અને સુનિલ સિવાય આ ફિલ્મમાં આફતાબ શિવદાસાની, અમ્રિતા અરોરા, પ્રીતિ જાંગિયાની અને રાહુલ દેવ જેવા કલાકારો પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા. જો કે હજુ સુધી 'આવારા પાગલ દિવાના'ની સિક્વલની સ્ટારકાસ્ટ અને ડિરેક્ટરનું નામ હજુ સુધી ફાઈનલ નથી થયું, પરંતુ સુનિલ અને અક્ષયની સુપરહીટ જોડીને મોટા પડદા પર જોવા માટે દર્શકો આતુર છે.

સૂર્યાનો બોક્સ ઓફિસ પર જોરદાર જલવો

૨૦૦ કરોડની ક્લબમાં સૂર્યાની એન્ટ્રી, શાહરૂખ અને અક્ષયની બરાબરી

'સીન' ફિલ્મે માત્ર સાત દિવસમાં વિશ્વભરમાં ૨૦૦ કરોડથી વધુનું કલેક્શન કરી નવો રેકોર્ડ બનાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

સૂર્યાની ફિલ્મ 'સીન' એ વર્ષ ૨૦૨૬માં દેશના ઈતિહાસની સૌથી મોટી ફિલ્મ 'રામાયણ' સામે કમાલની કમાણી કરી બતાવી છે. આ સૂર્યાની બેક-ટુ-બેક ચોથી સુપરહિટ ફિલ્મ છે અને વર્ષ ૨૦૨૬ની ત્રીજી. આના પહેલા આવેલી તેમની બંને ફિલ્મોએ ૨૦૦ કરોડથી વધુનું કલેક્શન કર્યું હતું. હવે આ ફિલ્મે પણ અઠવાડિયામાભરમાં જ આ મુકામ હાંસલ કરી લીધો છે. સૂર્યા આની સાથે જ મોટા સુપરસ્ટાર્સના અનોખા રેકોર્ડની યાદીમાં પોતાનું નામ નોંધાવી ચૂક્યા છે.વર્ષ ૨૦૨૬ સૂર્યા માટે ઘણું સારું રહ્યું છે. આ વર્ષે તેમની જે પણ ફિલ્મ આવી તેને દુનિયાભરમાં ખૂબ પસંદ કરવામાં આવી. ખાસ વાત તો એ રહી કે તેમની ૨૦૨૬ની ફિલ્મોનું ઓવરસીઝ કલેક્શન કમાલનું રહ્યું. અહીં જાણો આ ફિલ્મે પહેલા અઠવાડિયામાં કેટલી કમાણી કરી બતાવી છે.સૂર્યાની 'સીન' ફિલ્મની વાત કરીએ તો આ ફિલ્મે સિનેમાઘરોમાં ૭મા દિવસે નેટ કલેક્શનના આધારે ૬.૧૦ કરોડ અને ગ્રોસ કલેક્શનના આધારે ૭.૧૦ કરોડ રૂપિયા કમાયા. જ્યારે વિદેશથી આ ફિલ્મ ૭મા દિવસે ૪ કરોડ રૂપિયા કમાવામાં સફળ રહી. તેને જોડી લેવામાં આવે તો આ ફિલ્મે રિલીઝના ૭મા દિવસે દુનિયાભરમાં કુલ ૧૧.૧૦ કરોડ રૂપિયાની કમાણી કરી. સેકનિલ્કના અહેવાલો મુજબ આ ફિલ્મે ૭ દિવસનું કુલ નેટ કલેક્શન ૧૧૧.૫૫ કરોડ રૂપિયા કરી લીધું છે.જ્યારે ગ્રોસ કલેક્શન તરીકે તેમણે ૧૨૯.૬૦ કરોડ રૂપિયા કમાઈ લીધા છે. આ સિવાય ઓવરસીઝ કલેક્શનના મામલામાં આ ફિલ્મે ૭૧ કરોડ રૂપિયાની સારી એવી કમાણી કરી લીધી છે. આ દૃષ્ટિએ ફિલ્મનું વર્લ્ડવાઈડ કલેક્શન ૨૦૦.૬૦ કરોડ રૂપિયા થઈ ચૂક્યું છે જે કમાલનું છે.સૂર્યાએ બોક્સ ઓફિસ પર બેક-ટુ-બેક સુપરહિટ ફિલ્મ આપવાની સાથે બતાવી દીધું છે કે કેમ તેમને એટલા મોટા સુપરસ્ટાર માનવામાં આવે છે. સૂર્યાની ફિલ્મો સતત સારું પ્રદર્શન કરી રહી છે. જ્યારે 'સીન' ફિલ્મના ૨૦૦ કરોડ રૂપિયાના ક્લબમાં એન્ટ્રી મારવાની સાથે જ હવે સૂર્યાએ અક્ષય કુમાર અને શાહરૂખ ખાનના એક અનોખા રેકોર્ડની બરાબરી કરી લીધી છે. અક્ષય કુમારની વર્ષ ૨૦૧૯માં ૪ એવી ફિલ્મો આવી હતી જેમણે ૨૦૦ કરોડથી વધુનું કલેક્શન કર્યું હતું.આમાં હાઉસફુલ ૪, કેસરી, ગુડ ન્યૂઝ અને મિશન મંગલ જેવી ફિલ્મો સામેલ હતી. તેઓ આવું કમાલ કરનાર દેશના એકમાત્ર અભિનેતા છે જેમની મુખ્ય અભિનેતા તરીકે એક વર્ષમાં ૪ એવી ફિલ્મો આવી હતી જેમણે ૨૦૦ કરોડથી વધુનું કલેક્શન કર્યું હતું. જ્યારે વર્ષ ૨૦૨૩માં શાહરૂખ ખાનની ત્રણ ફિલ્મો આ કમાલ કરવામાં સફળ રહી હતી. આમાં શાહરૂખની જવાન, પઠાણ અને ડંકી જેવી ફિલ્મો સામેલ હતી. આ સિવાય હવે 'કુરુપ્પુ' અને 'વિશ્વનાથ એન્ડ સન્સ' પછી સૂર્યાની ૩ ફિલ્મોએ પણ આ કમાલ કરી બતાવ્યો છે.

જુહી ચાવલાએ મુંબઈની હવા સામે ઉઠાવ્યા સવાલ, સોશિયલ મીડિયા પર ચર્ચા

કેરોસીન કે ડીઝલ બળતી હોય તેવી વાસ આવતાં અભિનેત્રીએ પોસ્ટ કરી, લોકોએ રમૂજી કોમેન્ટ્સથી આપ્યા જવાબો

(સંપૂર્ણ સમાચાર સેવા)

જુહી ચાવલાએ એક ટ્વિટ કરી તેને મુંબઈની હવામાં કેરોસીન કે ડિઝલ બળતું હોય એવી વિચિત્ર વાસ સતત આવી રહ્યાની ફરિયાદ કરતાં સવાલ કર્યો હતો કે આ શેની વાસ છે તે મને કોઈ સમજાવશે? બીજા કોઈને પણ આવી વાસ આવતી હોય તો મને જણાવશો.જુહીના આ ટ્વિટ પર સેંકડો લોકોએ જાતભાતના જવાબો આપ્યા હતા. કોઈએ લખ્યું હતું કે આ તો વિકાસનો વઘાર થયો છે. કોઈએ કહ્યું હતું કે આ તો અમૃતકાળની સુગંધ છે, તમારે તનો આનંદ માણવો જોઈએ. એક ચાહકે તો જુહીને દિયા મિર્ઝાની સંગત નહીં કરવાની સલાહ પણ આપી દીધી હતી.

ઉલ્લેખનીય છે કે દિયા



પર્યાવરણને લગતા પ્રશ્નો ઉઠાવતી રહે છે. તાજેતરમાં બીએમસીએ ખુદ દિયાને આમંત્રણ આપીને તેનો ગ્રીન ફટાકડાની તરફેણ કરતો વીડિયો પોતાના હેન્ડલ પર પોસ્ટ કર્યો હતો પરંતુ રાજકીય વિવાદ બાદ તે ડિલીટ કર્યો હતો.છેલ્લા કેટલાય સમયથી ચાહકો ફરિયાદ કરી રહ્યા છે કે બોલિવુડ સેલિબ્રિટીઓ ૧૦-૧૨ વર્ષ પહેલાં પેટ્રોલ ભાવવધારા સહિતના મુદ્દે સ્પષ્ટ મંતવ્યો આપતા હતા પરંતુ હવે તેઓ મોટાભાગે મૂક રહે છે.આ સંદર્ભમાં ચાહકોએ જુહીની પોસ્ટ અંગે અનેક કોમેન્ટ કરી હતી.આ અગાઉ સોની રાઝદાન, રીચા ચઢ્ઢા, ભૂમિ પેડણેકર અને દિયા મિર્ઝાએ પણ મુંબઈના પ્રદૂષણ બાબતે સોશિયલ મિડિયા પર તેમની ચિંતાઓ વ્યક્ત કરી હતી. સોની રાઝદાને તો ફટાકડાં ફોડનારાઓને દેશવિરોધી સુદ્ધાં ગણાવ્યા હતા. જ્યારે રિચા ચઢ્ઢાએ સ્લો પોઈઝનિંગથી મરવા માટે મુંબઈગરાં આટલો બધો ટેક્સ કેમ ભરે છે તેવો કટાક્ષભર્યો સવાલ ઓક્ટોબરમાં તેની પોસ્ટમાં કર્યો હતો.

ગણેશ આચાર્યે નમો ઘાટ પર બાયોપિકનું બમ બમ ગીત લોન્ચ કર્યું



(સંપૂર્ણ સમાચાર સેવા)

દેશના નામાંકિત કોરિયોગ્રાફર ગણેશ આચાર્યે ડાન્સની દુનિયામાં ખૂબ નામ કમાયું છે. તેમણે બાળપણમાં ખૂબ સંઘર્ષ વેઠ્યો છે અને ત્યારબાદ આ મુકામ હાંસલ કર્યો છે. હવે તેઓ પોતાની બાયોપિક લઈને આવ્યા છે. કદાચ પહેલીવાર એવું જોવા મળી રહ્યું છે કે કોઈ કોરિયોગ્રાફરે પોતાની જ બાયોપિકનું ખુદ ડિરેક્શન કર્યું હોય. તેનું ટ્રેલર રિલીઝ કરી દેવામાં આવ્યું છે, જેના ખૂબ વખાણ થઈ રહ્યા છે. વળી, તાજેતરમાં કાશીમાં એક ખાસ અવસર પર તેમણે પોતાની અપકમિંગ બાયોપિકનું નવું ગીત લોન્ચ કર્યું છે.ભોળાનાથની નગરી કાશીમાં 'બમ બમ' સોંગ લોન્ચ કરવામાં આવ્યું છે. આ અવસર પર ગણેશ આચાર્ય ખુદ ત્યાં ઉપસ્થિત હતા. તેઓ મ્યુઝિક લોન્ચ દરમિયાન ખૂબ જ ખુશ જોવા મળ્યા અને તેમણે પોતાના અપકમિંગ પ્રોજેક્ટ વિશે વાત પણ કરી. કોરિયોગ્રાફર ગણેશ આચાર્યે મ્યુઝિક લોન્ચ વખતે કહ્યું- ''ભોળાનાથની નગરી કાશીમાં તેમના સમક્ષ આ ગીત પ્રસ્તુત કરવાથી મોટો આનંદ બીજો કોઈ ન હોય શકે. આ ગીત શિવ પર જ આધારિત છે, જેમની પાસે ત્રીજી આંખ છે, કરુણાના સાગર છે અને નીલકંઠની મહિમા છે. આ ગીત ફિલ્મનો એક ખાસ હિસ્સો પણ છે. આ ગીત ફિલ્મની શરૂઆતથી જ પિક્ચરાઈઝ થઈ જાય છે અને એક ખાસ પ્રકારની ઊર્જા આપે છે. આ ગીતમાં ભગવાન શિવને નાગોના રાજા અને ભૂતોના દેવતા તરીકે પિક્ચરાઈઝ કરવામાં આવ્યા છે. અને આ ગીતને લોન્ચ કરવા માટે બનારસના નમો ઘાટ કરતાં વધુ સારી જગ્યા વળી કઈ હોઈ શકે? દરેકને છઠ પૂજાની અભિનંદન. આખું વાતાવરણ છઠ પૂજાની પવિત્રતાથી મહેકી ઉઠ્યું છે. હું ગણેશ આચાર્ય ભગવાન શિવને આ હમ્બલ ટ્રિબ્યુટ આપું છું.'' તેનું નિર્માણ સૌદર્યાએ કર્યું છે. ગીતની વાત કરીએ તો તેને ફેન્સ તરફથી પોઝિટિવ વ્યુઝ મળી રહ્યા છે. આ ફિલ્મ ૧૧ ડિસેમ્બર ૨૦૨૬ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ કરવામાં આવશે.

મુંબઈ છોડતા પહેલાં સ્ટાર્સે પોલીસને પ્રવાસની વિગતો આપવી પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

બોલિવૂડ પર ગેંગસ્ટરોનો ખૌફ! મુંબઈ છોડતા પહેલાં સ્ટાર્સે પોલીસને આપવી પડશે પ્રવાસની વિગતો, Y+ સુરક્ષા કવચ અપાયું. મુંબઈમાં ગેંગસ્ટરો તરફથી બોલિવૂડ કલાકારોને મળી રહેલી ધમકીઓ અને ગોળીબારની ઘટનાઓને પગલે પોલીસ તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. ખાસ કરીને લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી મળતી ધમકીઓ બાદ મુંબઈ પોલીસે ફિલ્મી હસ્તીઓની સુરક્ષા વ્યવસ્થામાં મોટો ફેરફાર કર્યો છે. હવે મુંબઈની બહાર પ્રવાસે જતાં કલાકારોએ પોતાના પ્રવાસનો સંપૂર્ણ કાર્યક્રમ પોલીસને આપવો પડશે.મુંબઈમાં ગેંગસ્ટરો તરફથી બોલિવૂડ કલાકારોને મળી રહેલી ધમકીઓ અને ગોળીબારની ઘટનાઓને પગલે પોલીસ તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. ખાસ કરીને લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી મળતી ધમકીઓ બાદ મુંબઈ પોલીસે ફિલ્મી હસ્તીઓની સુરક્ષા વ્યવસ્થામાં મોટો ફેરફાર કર્યો છે. હવે મુંબઈની બહાર પ્રવાસે જતાં કલાકારોએ પોતાના પ્રવાસનો સંપૂર્ણ કાર્યક્રમ પોલીસને આપવો પડશે. આ ઉપરાંત, જે શહેર કે સ્થળે કલાકાર જવાના હોય ત્યાંની સ્થાનિક પોલીસને અગાઉથી જાણ કરવામાં આવશે. કેટલાક મોટા સ્ટાર્સની સુરક્ષા Y+ કેટેગરી સુધી વધારવામાં આવી છે, જ્યારે તેમના પરિવારજનોની સુરક્ષા પણ મજબૂત બનાવવામાં આવી રહી છે.મુંબઈ પોલીસ દ્વારા બોલિવૂડ કલાકારોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને નવી વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી રહી છે. આ વ્યવસ્થા હેઠળ મુંબઈની બહાર જવાનું આયોજન કરતા કલાકારોએ તેમના પ્રવાસની સંપૂર્ણ વિગતો પોલીસ સાથે શેર કરવાની રહેશે.કલાકાર કયા શહેરમાં જશે, કયા સ્થળે રોકાશે અને કેટલા સમય માટે પ્રવાસ કરશે તેની માહિતીના આધારે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે. કલાકાર જે સ્થળે પહોંચે તે પહેલાં ત્યાં સુરક્ષાની સમીક્ષા કરવામાં આવશે

રામાયણની ધમાકેદાર કમાણી જોઈ જૂની સીતાએ ખુશી વ્યક્ત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નિતેશ તિવારીની સૌથી લોકપ્રિય ફિલ્મ 'રામાયણ' આખરે ૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સિનેમાઘરમાં આવી ગઈ. ફિલ્મને દર્શકો તરફથી ખૂબ જ સકારાત્મક રિવ્યૂ મળી રહ્યા છે, જેના કારણે ફિલ્મે માત્ર આઠ દિવસમાં દુનિયાભરમાં બોક્સ ઓફિસ પર ૧૦૦૦ કરોડનો આંકડો પાર કરી લીધો. હવે, અભિનેત્રી દીપિકા ચિખલિયા, જેમણે રામાનંદ સાગરની 'રામાયણ'માં 'સીતા'નું પ્રખ્યાત પાત્ર ભજવ્યું હતું, તેમણે ફિલ્મના બોક્સ ઓફિસ પ્રદર્શન પર પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે તેમણે પહેલેથી જ અંદાજ લગાવી લીધો હતો કે આ ફિલ્મ હિટ થશે.પાપારાઝી સાથે વાત કરતા દીપિકા ચિખલિયાને કોઈએ કહ્યું કે 'રામાયણ' બોક્સ ઓફિસ પર સફળ થઈ રહી છે. આ વાતનો જવાબ આપતા દીપિકાએ કહ્યું, ''જોયું, મેં કહ્યું હતું ને કે ફિલ્મ સારી બની છે, હિટ થશે જ. આમાં એટલા મોટા સ્ટાર્સ છે. જઓ કેવી



રીતે આણે ૪થી ૫ દિવસમાં ૯૦૦થી ૧૦૦૦ કરોડ વચ્ચે કમાણી કરી. ખૂબ સરસ.''પોતાની વાત આગળ વધારતા દીપિકા'એ કહ્યું, ''હાં, ફિલ્મ સારી છે અને ફિલ્મમાં કેટલા મોટા સ્ટાર્સ છે. વીએફએક્સ પણ ખૂબ સારૂ છે.'' દીપિકાએ ફિલ્મની પ્રશંસા ભલે કરી હોય, પરંતુ થોડા દિવસો પહેલા તેમણે ફિલ્મમાં 'સીતા'ના એક્શન સીક્વન્સને લઈને વાત કરી હતી. ત્યારે તેમણે કહ્યું હતું, ''વાલ્મીકી રામાયણ અને તુલસીદાસ રામાયણની જે યાદ મારા મનમાં છે, મને નથી યાદ કે એવા કોઈ દૃશ્યો તેમાં છે. પરંતુ આપણા દેશમાં ૩૦૦થી વધુ રામાયણ છે. દરેક રામાયણની કથા બીજી રામાયણની કથાથી થોડી અલગ છે. તો બની શકે કે મેકર્સે કોઈ બીજી રામાયણમાંથી કંઈક લીધું હોય, જે મને ન ખબર હોય.''દીપિકા ચિખલિયાએ રામાનંદ સાગરની 'રામાયણ'માં 'સીતા'નું પાત્ર ભજવ્યું હતું. તેમના આ પાત્રને એટલું પસંદ કરવામાં આવ્યું હતું કે સિરિયલની બહાર પણ લોકો તેમને માતા સીતાના રૂપમાં જ જોતા હતા. અરુણ ગોવિલ અને દીપિકાને જ્યારે પણ જાહેરમાં જોતા તો લોકો પગે લાગતા હતા.રામાનંદ સાગરની 'રામાયણ' વર્ષ ૧૯૮૭થી લઈને ૧૯૮૮ વચ્ચે પ્રસારિત થઈ હતી. સિરિયલમાં કુલ ૭૮ એપિસોડ્સ હતા. આ સિરિયલમાં અરુણ ગોવિલ ભગવાન રામ બન્યા હતા. જ્યારે, નિતેશ તિવારીની 'રામાયણ'માં અરુણ ગોવિલે દશરથનું પાત્ર ભજવ્યું છે. તેમના આ પાત્રને પણ લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે.નિતેશ તિવારીની 'રામાયણ'ની ભારતીય બોક્સ ઓફિસ પર કમાણીની વાત કરીએ તો ફિલ્મે ૮ દિવસમાં ૫૬૪.૬૦ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. આજે એટલે કે ૧૩ નવેમ્બરે ફિલ્મનો બોક્સ ઓફિસ પર ૯મો દિવસ છે. ફિલ્મની કમાણી બોક્સ ઓફિસ પર સારી થઈ રહી છે, પરંતુ ફિલ્મની કમાણીમાં દરરોજ ઘટાડો થઈ રહ્યો છે.

વલસાડ તાલુકા વિશેષ

VAPI PAGE - 5

Tuesday 17, November 2026

- વલસાડ
- અતુલ
- ગુંદલાવ
- કુંગરી

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

વલસાડ પંથકમાં જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ ઉજવાઈ

ઠેર-ઠેર મહાપ્રસાદ અને ભજન-ગરબાનું આયોજન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૬ : વીરપુરવાળા સંત શિરોમણી પરમ પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે આજે સમગ્ર વલસાડ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. જલારામ બાપાના મંદિરો અને વિવિધ મંડળો દ્વારા બાપાની પ્રતિમાનું સ્થાપન કરી વિશેષ પૂજા-અર્ચના, આરતી અને થાળનો ભોગ અર્પણ કરવામાં આવ્યો હતો, જેનો હજારોની સંખ્યામાં જલા ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. વલસાડ શહેરના મુખ્ય જલારામ બાપા મંદિર ઉપરાંત વલસાડ તાલુકાના પાથરી બિનવાડા ફલધરા, સરોધી સહિતના અન્ય ગામોમાં પણ ગ્રામજનો અને સેવાભાવી મંડળો દ્વારા જલારામ જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સવારથી જ મંદિરોમાં ભક્તો દર્શન કરવા માટે ઉમટી પડ્યા અને 'જય જલારામ'ના નાદ સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ પાવન અવસરે શહેરના રામરોટી ચોક ખાતે ભજનની રમઝટની સાથે વિશાળ મહાપ્રસાદના વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શહેર અને ગામડાઓમાં ઠેર-ઠેર મહાપ્રસાદનું આયોજન થતાં હજારો ભાવિક ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. દિવસભરના ધાર્મિક કાર્યક્રમો બાદ રાત્રિના સમયે ભજન અને ગરબાનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા.

કુંડીમાં વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૬ : અન્નદાન, વસ્ત્રદાન ગરીબ છાત્રોને પુસ્તકીય સહાય તથા શિષ્ટવૃતિ નેત્રહીન તથા અશકત લોકોને આર્થિક સહાય તેજસ્વી તારલાઓનું સન્માન કરી જલારામ જયંતિ સાર્થક કરતું કુંડી ગામનું જલારામ મંદિર કુંડીવલસાડમાં આવેલ જલારામ મંદિરના પટાંગણમાં વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરી સાચા અર્થમાં જલારામ જયંતિ સાર્થક કરવામાં આવી હતી. જલારામ સેવા ટ્રસ્ટે દીન-દુખિયાના બેલી નિરાધાર ના આધાર અને ભુખ્યાના ભગવાન એવા પૂજય જલારામ બાપાના સંકલ્પો પુરા પાડવા માટે આર્થિક રીતે સંકડામણને કારણે ખચકાટ અનુભવતા વિદ્યાર્થીઓને શિષ્ટવૃતિ આપી વિદ્યાર્થીઓના જીવનમાં મહેક પ્રગટાવી હતી. તથા સમાજના અકિંચન નિઃસહાય લોકોને અન્નદાન વસ્ત્રદાન તથા તેજસ્વી તારલાઓનું સન્માન તથા ગરીબ છાત્રોને અભ્યાસના પુસ્તકો તથા સાહીત્યો વિના મુલ્યે પુરા પાડી જલારામ જયંતિનો સંકલ્પ પુરો પાડયો હતો. જલારામ મંદિરના પ્રમુખ રામુભાઈ ફુલચંદભાઈ પટેલ થતા ઉપપ્રમુખ ચંદ્રકાંતભાઈ એન પટેલે જણાવ્યુ હતુ કે તેમના ટ્રસ્ટે જલારામ ધામના માધ્યમથી શિક્ષણ તથા સમાજ સેવાના કાર્યો ઉપાડયા છે. તેના પરિણામે સમાજના ગરીબ પરિવારના છાત્રો જેઓ ઉચ્ચ અભ્યાસ કરી શકે એમ ન હતા. તેવા વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરતા, આ વિદ્યાર્થીઓ કારકીર્દીનું ધડતર કરી રહ્યા છે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં મહાપ્રસાદનું આયોજન કરાયુ હતું જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભકતોએ મહાપ્રસાદ તથા આરતીનો લાભ લીધો હતો. આ કાર્યક્રમની શોભા વધારવા વલસાડ જીલ્લાના ધારાસભ્ય ભરતભાઈ કે.પટેલ, ઉદ્યોગપતિ મલ્લિકાબેન એમ.પટેલ તથા પાટીદાર આગેવાન ભીખુભાઇ જી.પટેલ, તથા મુખ્યદાતા રમેશભાઈ પ્રજાપતિ, પારસી અગ્રણીય રોહીન્ટનભાઇ, જુજવા કેળવણી મંડળના પ્રમુખ સુનિલભાઇ આર.પટેલ, વેપારી અગ્રણીય ચંદુભાઇ બાથાણી તથા ઉમિયા શોસિયલસના ટ્રસ્ટ ના રૂપેશભાઇ ઢાણિયા તથા વિરેન્દ્ર આર. મહેતા વિગેરે હાજર રહયા હતા.

ખજુરડીમાં ભવાની માતાજીના મંદિર નિર્માણ નિમિત્તે નવચંડી યજ્ઞ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૬ : વલસાડ તાલુકાના ખજુરડી ગામે વર્ષો જૂના ભવાની માતાજીના મંદિરના નવનિર્માણ નિમિત્તે રવિવાર, તા. ૧૫ નવેમ્બર ૨૦૨૬ ના રોજ ભવ્ય ગ્રામ્ય નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં ખજુરડી ગામ પરિવાર તેમજ ગામમાં વસવાટ કરતા તમામ સમાજના પરિવારોના સહયોગથી ૨૫ જોડાંની યજમાન ઉપસ્થિતિમાં નવચંડી યજ્ઞનો વિધિવત્ પ્રારંભ કરવામાં આવ્યો હતો. સમગ્ર યજ્ઞ દરમિયાન ગામના તમામ સમાજના પરિવારો, વડીલો, યુવાનો અને બહેનો-દીકરીઓએ ઉત્સાહભેર ભાગ લઈ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ ભવ્ય મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ સમાજના લોકોએ એકસાથે પ્રસાદ ગ્રહણ કરી સામાજિક એકતા અને ભાઈચારાનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

ભવાની માતાજીના મંદિરના નવનિર્માણ કાર્ય તેમજ નવચંડી યજ્ઞને સફળ બનાવવા માટે ગામના દાતાશ્રીઓ, વિવિધ પરિવારો, વ્યક્તિઓ, મહેમાનો અને સેવાભાવી કાર્યકરોએ આર્થિક દાન તેમજ વિવિધ પ્રકારની સેવાઓ આપીને અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

આ તમામ દાતાશ્રીઓ અને સેવાભાવી વ્યક્તિઓનો ખજુરડી ગામના માજી સરપંચ તથા વલસાડ જિલ્લા પંચાયતના સભ્ય સ્નેહલ દિલીપભાઈ પટેલે આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે ખજુરડી ગામની સાચી ઓળખ ગામમાં વસતા તમામ સમાજના લોકો વચ્ચે રહેલી એકતા, ભાઈચારો, પરસ્પર પ્રેમ અને સહકાર છે. ભવાની માતાજીના આ પવિત્ર મંદિરના નવનિર્માણ અને નવચંડી યજ્ઞના આયોજનમાં તમામ સમાજના લોકોએ જે રીતે એકજૂથ થઈને સહયોગ આપ્યો છે તે સમગ્ર ગામ માટે ગૌરવની બાબત છે. ભવિષ્યમાં પણ ગામની આ એકતા અને ભાઈચારાની પરંપરા અખંડિત જળવાઈ રહે તેવી તેમણે માતાજીના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

આ ધાર્મિક મહોત્સવને વધુ યાદગાર બનાવવા માટે ત્રણ મંડળીઓ દ્વારા પરંપરાગત ઘેરૈયા નૃત્ય સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા, જેણે ઉપસ્થિત ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ અને આનંદ જગાવ્યો હતો.

આમ, ખજુરડી ગામમાં યોજાયેલો આ નવચંડી યજ્ઞ માત્ર ધાર્મિક આયોજન પૂરતો મર્યાદિત ન રહેતાં તમામ સમાજની એકતા, સામાજિક સમરસતા, સંસ્કૃતિ અને સામૂહિક સહકારનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યો હતો. આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ દાતાશ્રીઓ, ગ્રામજનો, યુવાનો, મહિલાઓ, સેવાભાવી કાર્યકરો અને મહેમાનોનો ખજુરડી ગામ પરિવાર દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

દમણગંગા ટાઈમ્સ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ

સંપર્ક : કમલેશ હરિયાવાલા - 9327706434

વલસાડ-કૈલાસ રોડ બ્રિજ ૪ દિવસ માટે બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૬ : વલસાડ શહેરની ઔરંગા નદી પર બની રહેલા નવા કૈલાસ રોડ બ્રિજ પર માર્ગ અને મકાન (રાજય) વિભાગ, વલસાડ દ્વારા ગર્ડર લોન્ચિંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ મહત્વપૂર્ણ કામગીરીને ધ્યાનમાં રાખીને જાહેર જનતાની સુરક્ષા અને સુવિધા માટે તંત્ર દ્વારા ૪ દિવસ માટે ટ્રાફિક પ્રતિબંધ જાહેર કરવામાં આ ાવ્યો છે. માર્ગ અને મકાન વિભાગની જાહેરાત મુજબ, તા. ૧૭/૧૧/૨૦૨૬ ના સવારે ૭:૦૦ વાગ્યાથી તા. ૨૦/૧૧/૨૦૨૬ ના રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી (કુલ ૪ દિવસ માટે) આ માર્ગ પર સંપૂર્ણ ટ્રાફિક બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન વલસાડ કૈલાસ રોડ સ્મશાન ભૂમિથી વેજલપોર ગ્રામ પંચાયતના ગેટ સુધીના માર્ગ પર તમામ પ્રકારના વાહનોની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

કામગીરી દરમિયાન અવરજવર કરતા તમામ વાહનચાલકોને આ રસ્તાને બદલે વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવી છે. વધુમાં, બ્રિજના નિર્માણ કાર્ય દરમિયાન થતી અસુવિધા બદલ વહીવટી તંત્ર અને માર્ગ-મકાન વિભાગ દ્વારા નાગરિકોને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

સરોણમાં જલારામબાપાની ૨૨૭મી જન્મ જયંતિ ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૬ : વલસાડ જિલ્લા ના નેશનલ હાઈવે નંબર ૪૮ ને અડી ને આવેલા સરોણ ગામ ખાતે છેલ્લા ૪૩ વર્ષથી દર વર્ષે જય જલારામ પરિવાર મંડળ દ્વારા પૂ. જલારામબાપાની જન્મ જયંતિ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. તેમ આ વર્ષે પણ જલારામ બાપાની ૨૨૭ મી જન્મ જયંતી નો શુભ ઉત્સવ તા. ૧૬-૧૧-૨૦૨૬, સોમવાર ના દિને ઉજવવામાં આવ્યો. જેમાં સવારે ૮.૩૦ કલાકે પૂજા કરવામાં આવી અને બપોરે ૧૨.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પાવન પ્રસંગે આશરે ૧૦૦૦૦થી વધુ ભક્તજનો એ ભાગ લીધો. મંદર ના સભ્યો દ્વારા આ પ્રસંગને ભવ્ય ઉજવવામાં આવ્યો હતો.

વલસાડ જિલ્લામાં મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૬ : ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા તા.૦૧/૦૧/૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ પૂર્વેની પ્રવૃત્તિઓ બાબતે તથા સુધારણા કાર્યક્રમ યોજવાનો આદેશ આપવામાં આવ્યો છે. જે અનુસાર નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠન ગુજરાતની માંગણી

વલસાડમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને ગ્રાહકસુરક્ષા અંગે રાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૬ : અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠન ગુજરાત પ્રદેશ દ્વારા ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ખાદ્ય પદાર્થો માં ભેળસેળને રાષ્ટ્રીય સમસ્યા જાહેર કરી રાષ્ટ્રીય સ્તરે અભિયાન ચલાવવા તથા ગ્રાહકોના હિતોની સાથે ચેડાં કરનારાં વેપારીઓને સરંક્ષણ આપતી એસ.ઓ.પી. પરત લેવાની માંગણી કરી છે.

અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠન ગુજરાત પ્રદેશનાં પ્રદેશ અધ્યક્ષ જેઠાભાઈ પટેલ તથા ઉપાધ્યક્ષ વિજયકુમાર ગોયલે ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ એક પત્ર લખીને ખાધ પદાર્થો માં ભેળસેળ અને ગ્રાહકોની સુરક્ષા માટે વિવિધ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે રજુઆત કરી છે. તેમજ લોકસભા માં નેતા વિપક્ષ રાહુલ ગાંધી તથા ગુજરાત વિધાનસભા માં કોંગ્રેસ ના નેતા તુષાર ચૌધરી ને નકલ મોકલી ને એમનો દૃષ્ટિકોણ રજુ કરવા માટે જણાવ્યું છે.

સંગઠન દ્વારા ઉઠાવેલા મુદ્દાઓવ માં ખાધ પદાર્થો માં ભેળસેળ રોકવા તથા ભેળસેળ થી માનવ જીવન પર છવાયેલા સંકટ ની સામે રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તર પર અભિયાન ચલાવવુ. આને રાષ્ટ્રીય સમસ્યા જાહેર કરવી, ફૂડ એન્ડ ડ્રગ વિભાગ ની કચેરીઓ માં જરૂરી સ્ટાફ તથા અધીકારીઓ ની નિયુક્તિ કરવી. લેવાતા નમુનાઓ ની ઝડપી તપાસ માટે દરેક જીલ્લામાં આધુનિક લેબોરેટરી બનાવવી, જે જીલ્લાઓ માં ફૂડ એન્ડ ડ્રગ વિભાગની કચેરીઓ નથી ત્યાં તાત્કાલિક અસરથી કચેરીઓ ચાલું કરવી. ડાંગ તથા વલસાડ જીલ્લાની કચેરી વલસાડ ખાતે છે. વલસાડ થી ડાંગ નુ મુખ્ય મથક આહવા અંદાજે સવાસો કિલોમીટર છે એટલે કાર્યવાહી ની કલ્પના જ કરવી વ્યર્થ છે. ભેળસેળયા તત્વોની સામે હત્યાની ફરિયાદ દાખલ થવી જોઈએ તથા કાર્યવાહી પણ થવી જોઈએ, દરેક રાજ્ય અને દરેક જીલ્લા માં ભેળસેળની ફરિયાદો ના ઝડપી નિવારણ અર્થે ઉચ્ચ કક્ષાની સમિતીઓ તથા લોકપ્રહરી ની નિયુક્તિ કરવી જોઈએ. વલસાડ જીલ્લા તોલમાપ અધીકારી નાં અનુસાર પેકિંગ પર ઉત્પાદન તથા એક્સપાયરી તારીખ તથા નહીં લગાવતા લોકોની સામે દંડનાત્મક નહી કરવા માટે રાજ્ય સરકારે S.O.P. જાહેર કરી હોવાથી કડક અને દંડનાત્મક કાર્યવાહી કરી શકાતી નથી.

માટે S.O.P. પરત લેવાની જેવી વિવિધ માગણીઓ અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠન દ્વારા કરવામાં આવી છે.

વલસાડ પાલિકાની ડમ્પિંગ સાઈટમાં આગ લગાડી કચરો ઓછો કરવાનો પ્રયાસ!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૬ : વલસાડ નગરપાલિકાની ડમ્પિંગ સાઈટ પર લાગેલી આગની ઘટનાને લઈને શહેરના જાગૃત નાગરિકો અને રાજકીય વર્તુળોમાં તર્ક-વિતર્ક તેજ બન્યા છે. ડમ્પિંગ સાઈટ પર વર્ષોથી જમા થયેલા કચરાના નિકાલ માટે સરકાર દ્વારા લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવા છતાં, વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાને બદલે આગ લગાડીને કચરો ઓછો કરવાનો -યાસ થઈ રહ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

દસ્તાવેજી પુરાવા મુજબ, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૨.૦ હેઠળ સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાત (ગાંધીનગર) દ્વારા તા. ૦૬/૦૮/૨૦૨૨ ના હુકમથી વલસાડ નગરપાલિકાને રૂ. ૧ કરોડ ૬૪ લાખ ની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. ત્યારબાદ તા. ૧૬/૦૨/૨૦૨૩ ના રોજ મળેલી પાલિકાની જનરલ બોર્ડની સભામાં ઠરાવ નં. ૧૬૬ (કામ નં. ૩૬) હેઠળ આ ગ્રાન્ટમાંથી જૂની ડમ્પિંગ સાઈટ પર પડેલા અંદાજે ૪૦,૦૦૦ ટન લેગેસી વેસ્ટ (જૂના કચરા) નો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ ઘટના બાદ હવે એવો પ્રશ્ન ઉભો થયો છે કે, જો ફેબ્રુઆરી ૨૦૨૩ માં જ કચરાના નિકાલ માટે ૧.૬૪ કરોડ રૂપિયા મંજૂર થઈ ગયા હતા, તો આજદિન સુધી તેમાંથી કેટલી રકમ વપરાઈ અને હાલમાં કેટલી ગ્રાન્ટ જમા છે જો કચરાનો વૈજ્ઞાનિક નિકાલ થયો હોત તો સાઈટ પર કચરાના આટલા મોટા ઢગલા ન હોત.

મળતી માહિતી મુજબ, વલસાડ નગરપાલિકાની તાજેતરની કારોબારી કમિટીની બેઠકમાં કામ નં. ૩૩ હેઠળ "SBM-૨.૦ ની ગ્રાન્ટ અને SJMMSVY- ૨૦૨૫-૨૬ માંથી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના ફેશ વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ સાઈટ ડેવલોપમેન્ટની કામગીરી (ફેસ-૦૧) માટેના ટેન્ડર ભાવ મંજૂર કરવામાં આવ્યા છે.


જાગૃત નાગરિકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, ડમ્પિંગ સાઈટ પર નવા પ્લાન્ટ અને સાઈટ ડેવલપમેન્ટનું કામ શરૂ કરવાનું હોવાથી જગ્યા ખાલી કરવી જરૂરી છે. સાઈટ પર કચરાનો જથ્થો ખૂબ જ વધારે હોવાથી તેનો ખર્ચ અને સમય બચાવવા માટે આગ લાગી હોવાનું બહાનું આગળ ધરી કચરાનો બારોબાર નિકાલ કરવામાં આવી રહ્યો હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

આ સમગ્ર મામલે પાલિકા તંત્ર દ્વારા ૨૦૨૩ માં ફાળવાયેલી ૧.૬૪ કરોડની ગ્રાન્ટનો હિસાબ જાહેર કરવામાં આવે અને ડમ્પિંગ સાઈટ પર લાગેલી આગની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ખજૂરડીમાં ૭ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૬ : વલસાડ તાલુકાના ખજૂરડી ગામના ઉત્સાહી સરપંચ અને હાલના વલસાડ જિલ્લા પંચાયત સભ્ય સ્નેહલ દિલીપભાઈ પટેલ દ્વારા ગામના સર્વાંગી વિકાસ માટે હાથ ધરાયેલા -યાસોથી ગામ એક નવી દિશા તરફ આગળ વધી રહ્યું છે. પવિત્ર દિવાળી પર્વ નિમિત્તે ખજૂરડી ગામને અનોખી વિકાસ ભેટ આપતાં એકસાથે ૭ જેટલા વિવિધ લોકઉપયોગી પ્રકલ્પોનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે.



આ લોકાર્પણ કાર્યક્રમ અંતર્ગત ગામના સૌંદર્યીકરણ અને સુવિધાઓમાં વધારો કરી વિકાસ કાર્યો જનતાને સમર્પિત કરવામાં આવ્યા હતા છે.જેમાં ગામના યુવાનો તેમજ મુલાકાતીઓ માટે ગ્રામ્ય સૌંદર્યને ઉજાગર કરતા ૬ સ્થળોએ સેલ્ફી પોઈન્ટ ઊભા કરાયા છે. રાત્રિ દરમિયાન ગામમાં પૂરતો પ્રકાશ રહે અને સલામતી જળવાય તે હેતુથી હાઈમાસ્ટ લાઈટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ગામની ધાર્મિક આસ્થાનું કેન્દ્ર એવા ઐતિહાસિક શ્રી ભવાની માતા મંદિરનું જીર્ણોદ્ધાર કાર્ય પૂર્ણ કરી ભક્તો માટે ખુલ્લું મુકાયું. ૩૦૦ મીટર વોકવે ગ્રામજનોના આરોગ્ય અને મોર્નિંગ વોક માટે અદ્યતન ૩૦૦ મીટર લાંબો વોકવે તૈયાર કરી લોકાર્પિત કરાયો છે આ ઉપરાંત અન્ય મહત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓ સહિત કુલ ૭ જેટલા વિકાસ કાર્યોનું લોકાર્પણ થતાં સમગ્ર ખજૂરડી ગામમાં દિવાળીના તહેવાર ટાણે હર્ષોલ્લાસ અને ઉત્સવ જેવો માહોલ સર્જાયો છે. સ્થાનિક ગ્રામજનોએ ગામને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવા બદલ જિલ્લા પંચાયત સભ્ય સ્નેહલ પટેલની કામગીરીની સરાહના કરી આભાર વ્યક્ત કર્યો હતો.

વલસાડ જિલ્લામાં વિવિધ સ્થળોએ રમતો યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૬ : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ઉજવાતા જનજાતિય ગૌરવ દિવસ અંતર્ગત વલસાડ જિલ્લામાં આગામી તા. ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ વિવિધ સ્થળોએ પરંપરાગત રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. યુવાનોમાં આપણી સંસ્કૃતિ અને દેશી રમતો પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી રસ્સાખેંચ, લંગડી, ભમરડો, વોલીબોલ, કબડ્ડી, સાતડીયું, ત્રીપગી દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી અને લખોટી જેવી રમતો રમાડવામાં આવશે.

આ રમતોમાં ભાગ લેવા માંગતા તમામ રમતવીરો (ભાઈઓ અને બહેનો) એ તા. ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ બપોરે ૦૩ કલાકે પોતાના લાગુ પડતા સ્થળે સ્પર્ધા માટે રિર્પોટિંગ કરવાનું રહેશે. જિલ્લાના વિવિધ તાલુકાઓમાં નક્કી કરાયેલ સ્થળો અને રમતોની વિગત અનુસાર, વલસાડમાં બાઈ આવા બાઈ સ્કૂલ ખાતે અંડર-૧૫ (ભાઈઓ/બહેનો) માટે લીંબું ચમચી, લંગડી, ત્રીપગી દોડ અને કોથળા દોડ તેમજ અબવ-૧૫ માટે રસ્સાખેંચ, સાતડીયું, કોથળા દોડ, લીંબું ચમચી અને ભમરડાની સ્પર્ધા યોજાશે. પારડીમાં ડી.સી.ઓ. સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે અંડર-૧૫ માટે લીંબું ચમચી, લંગડી, ત્રીપગી દોડ, કોથળા દોડ અને લખોટી તેમજ અબવ-૧૫ માટે રસ્સાખેંચ, સાતડીયું, લીંબું ચમચી, વોલીબોલ અને લખોટીનું આયોજન કરાયું છે. ઉમરગામમાં નગરપાલિકા ક્રિકેટ મેદાન ખાતે અંડર-૧૫ વિભાગમાં રસ્સાખેંચ, કબડ્ડી, લીંબું ચમચી અને કોથળા દોડ તેમજ અબવ-૧૫ વિભાગમાં રસ્સાખેંચ, કબડ્ડી, કોથળા દોડ, સાતડીયું, લીંબું ચમચી, લખોટી અને ત્રીપગી દોડ રમાડવામાં આવશે. આ ઉપરાંત, નાનાપોંઢામાં એન.આર. રાઉત સાર્વજનિક માધ્યમિક શાળા ખાતે અંડર-૧૫ સ્પર્ધકો માટે લીંબું ચમચી, કોથળા દોડ, ત્રીપગી દોડ અને લંગડી તેમજ અબવ-૧૫ માટે ભમરડો, રસ્સાખેંચ, કબડ્ડી, કોથળા દોડ, સાતડીયું અને લીંબું ચમચીની રમતો યોજાશે. જ્યારે ધરમપુરમાં એસ.એમ.એસ.એમ. હાઈસ્કૂલ ખાતે અંડર-૧૫ માટે લીંબું ચમચી, કોથળા દોડ, ત્રીપગી દોડ અને સાતડીયું તેમજ અબવ-૧૫ માટે રસ્સાખેંચ, કબડ્ડી, કોથળા દોડ અને વોલીબોલની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં વધુ રમતવીરોને આ પરંપરાગત રમતોમાં ઉત્સાહભેર ભાગ લેવા વલસાડ જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

વાપી થર્ડ ફેસના ફલેશ્વર મંદિરે જલારામ જયંતિ ઉજવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૬ : આજે વાપી જીઆઈડીસી ના થર્ડ ફેસ ખાતે આવેલા કોચરવા-વડિયાવાડ સ્થિત શ્રી મહાફળેશ્વર મંદિર સંકુલમાં જલારામ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંદિરના ટ્રસ્ટી અને હરિઓમ મિત્ર મંડળના વડા ધીરુભાઈ અને તેમની સમગ્ર ટીમ દ્વારા આયોજિત આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જલારામ જયંતીના શુભ અવસર પર, સંત શ્રી જલારામ બાપાની પ્રથમ ધાર્મિક પૂજા અને આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ, મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાં બપોરે ૩,૦૦૦ થી વધુ તેમજ સાંજે ૪,૦૦૦ થી વધુ જલારામ બાપાના ભક્તોએ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. ઉલ્લેખનીય છે કે ધીરુભાઈ પટેલ ના શ્રી હરિ ઓમ મિત્ર મંડળ દ્વારા અહીં છેલ્લા ૨૧ વર્ષથી જલારામ જયંતિ નિમિત્તે આ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરી રહ્યા છે. તેમની સાથે સમગ્ર હરિઓમ મિત્ર મંડળ ટીમ તેમના સમર્પણ અને સેવાથી આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.



અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Tuesday 17, November 2026

બેલગામ મોંઘવારી સૌ માટે પડકારરૂપ

ભારતીય અર્થતંત્રની સામે અસમંજસની સ્થિતિ ઊભી થઈ છે. એક તરફ શેરબજાર તેજીનાં શિખર સર કરી રહી છે, તો બીજી તરફ મોંઘવારીનો બોજો પણ ચિંતાજનક રીતે બેકાબૂ બની ગયો છે. સમાન્ય લોકો માટે આવકની સરખામણીએ જીવનનિર્વાહનો ખર્ચ જ્યારે વધી જાય છે, ત્યારે તેમની માટે અર્થતંત્રની ફૂલગુલાબી તેજીનું કોઈ મહત્ત્વ રહેતું હોતું નથી. સામાન્ય લોકોને અર્થતંત્રના વિકાસ સાથે કોઈ લેવાદેવા હોતી નથી, પણ મોંઘવારીને લીધે તેમની ખર્ચશક્તિ ઘટતાં બજારમાં વસ્તુઓની ખપત ઘટે ત્યારે તેની અસર અર્થતંત્ર પર જરૂર વર્તાય છે. ઉલ્લેખનીય છે કે, ઓક્ટોબર મહિનામાં દેશમાં છૂટક મોંઘવારીનો દર વધીને ૬.૦૯ ટકાને આંબી ગયો હતો. સપ્ટેમ્બર મહિનામાં આ આંકડો ૫.૫૪ ટકા હતો. છેલ્લાં બે વર્ષમાં મોંઘવારીનો આ દર સૌથી વધુ છે. આંકડાકીય મંત્રાલયે જાહેર કરેલી વિગતો મુજબ છૂટક મોંઘવારી છેલ્લા બે વર્ષમાં ભારતીય રિઝર્વ બેંકની મર્યાદા કરતા પાર થઈ છે. આરબીઆઈએ મોંઘવારીના આંકડાને છ ટકાની મર્યાદાને ધ્યાનમાં રાખીને આર્થિક નીતિઓ પર કામ કર્યું છે, હવે બેંકને આ માટે નવેસરથી આર્થિક પગલાં લેવા પર ધ્યાન આપવું પડશે. આમ તો આરબીઆઈએ મોંઘવારીના દરને ચાર ટકા રાખવાનું લક્ષ્ય નક્કી કર્યું છે, પણ તેમાં બે ટકા ઘટ કે વધના અવકાશની જોગવાઈ છે. પણ આ વખતે ૬.૦૯ ટકાનો આંકડો વધઘટની મર્યાદાને પણ પાર થઈ ગયો છે. આ અગાઉ ઓક્ટોબર ૨૦૨૪માં આ દર ૬.૨૫ ટકા થયો હતો. છૂટક મોંઘવારીમાં આ વધારાની પાછળ ખાવા-પીવાની વસ્તુઓની કિંમતો બેલગામ બની હોવાનું સ્પષ્ટ છે. હાલના આંકડા મુજબ ખાદ્ય વસ્તુઓમાં સપ્ટેમ્બર મહિના દરમ્યાન મોંઘવારીનો દર ૭.૭૪ ટકાથી વધીને ૮.૯૪ ટકાએ પહોંચી ગયો હતો. મોંઘવારીમાં આટલો ઝડપભેર વધારો સામાન્ય નાગરિકોની માટે પડકારરૂપ બની ગયો છે. લોકો બિનજરૂરી ખરીદીને ટાળી રહ્યા છે. હાલત એવી છે કે, અનાજની સાથોસાથ શાકભાજીના ભાવ પણ સતત વધી રહ્યા છે. તાજેતરમાં અમૂલ અને મધર ડેરીએ દૂધ અને દૂધ ઉત્પાદનોના ભાવો સતત વધારીને મોંઘવારીની આગમાં તેલ નાખવાનું કામ કર્યું છે. દૂધના ભાવોના વધારાની સીધી અસર આવતા મહિનાના મોંઘવારીના દર પર પડશે એ વાત નક્કી છે. મોંઘવારીના આ પડકારની સામે લગામ કસવા માટે હવે આરબીઆઈ તેની ડિસેમ્બર મહિનાની આર્થિક બેઠકમાં રેપો દર પર ચાવીરૂપ નિર્ણય લેશે એ વાત નક્કી છે. રેપો દર વધશે, તો તેની પણ અવળી અસર મધ્યમવર્ગ પર પડી શકે છે. વ્યાજના દર વધતા લોનના હપ્તા ભરવાનું વધુ મોંઘું બનશે. જો કે, એવી આશા રખાઈ રહી છે કે, તહેવારોના દિવસોમાં બજારમાં માંગ વધતા ભાવો વધ્યા છે, જે હવે ધીમે ધીમે ઓછા થઈ જશે. પણ ઈંધણ અને તેની સાથોસાથ હવે દૂધના ભાવોનો બોજો સ્થિતિને હળવી બનાવે એમ જણાતું નથી. આવામાં સરકારે વ્યાજના દર વધરવાના એક માત્ર ઉપાયથી વિશેષ અન્ય પગલાં પર વિચાર કરીને તેનો તાકિદે અમલ કરવો રહ્યો. સામાન્ય માનવીનું બજેટ ખોરવાઈ જશે, તો સરકાર અને વેપાર ઉદ્યોગ ક્ષેત્રનાં આર્થિક સમીકરણો પર પણ અવળી અસર પડશે.

મોદી બે મહત્વપૂર્ણ પ્રાદેશિક શિખર સંમેલનમાં ભાગ લેવા ફિલિપાઈન્સ પહોંચ્યા

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે ફિલિપાઈન્સની રાજધાની મનીલા પહોંચ્યા હતા. દક્ષિણ-પૂર્વ એશિયા અને પૂર્વ એશિયાના દેશો સાથે ભારતના સંબંધોને વધુ મજબૂત બનાવવા તેમજ પ્રાદેશિક અને વૈશ્વિક પડકારો પર ચર્ચા કરવા માટે તેમની આ મુલાકાત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.વડાપ્રધાન મોદી મંગળવારે યોજાનારા ૨૩મા આસિયાન-ભારત શિખર સંમેલન અને ૨૧મા ઈસ્ટ એશિયા સમિટમાં ભાગ લેશે. ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ આર. માર્કોસ જુનિયરના આમંત્રણ પર તેઓ બે દિવસીય મુલાકાતે પહોંચ્યા છે.મનીલા જવા રવાના થતાં પહેલાં વડા-પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, આસિયાન દેશો



સાથેના ભારતના સંબંધો તેની એક્ટ ઈસ્ટ પોલિસીનું કેન્દ્રબિંદુ છે. આ ઉપરાંત ભારતના મહાસાગર (MAHASAGAR) વિઝનમાં પણ આસિયાનનું વિશેષ સ્થાન છે. MAHASAGARનું પૂરું નામ 'Mutual and Holistic Advancement for Security and Growth Across Regions' છે. આ ભારતની વિસ્તૃત વૈશ્વિક દરિયાઈ વ્યૂહરચના છે, જેનો હેતુ વિવિધ પ્રદેશોમાં સુરક્ષા અને વિકાસ માટે પરસ્પર સહયોગ વધારવાનો છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, આસિયાન-ભારત શિખર સંમેલનમાં ભાગ લેનારા નેતાઓ સાથે મળીને ભારત અને આસિયાન વચ્ચેની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવામાં આવશે. સાથે જ વિકાસ, કનેક્ટિવિટી અને સમૃદ્ધિના સહિયારા લક્ષ્યોને નવી ગતિ આપવાનો પ્રયાસ કરવામાં આવશે. આસિયાન સંગઠન વિર્શે વર્ષ ૧૯૬૭માં સ્થપાયેલું આસિયાન દક્ષિણ-પૂર્વ એશિયાનું મહત્વપૂર્ણ -દેશિક સંગઠન છે. તેમાં બ્રુનેઈ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ, તિમોર-લેસ્ટે અને વિયેતનામ સહિત કુલ ૧૧ સભ્ય દેશો છે. ભારત ઉપરાંત અમેરિકા, ચીન, જાપાન અને ઓસ્ટ્રેલિયા સહિતના દેશો તેના સંવાદ ભાગીદારો છે.

હોર્મુઝમાં ઓઈલ ટેન્કરો પર હુમલાનો સિલસિલો જારી

(સંપૂર્ણ સમાચાર સેવા) તેહરાન, તા.૧૬ : મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની અસર હવે વૈશ્વિક દરિયાઈ વેપાર પર પણ જોવા મળી રહી છે. વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ ઓઈલ પરિવહન માર્ગોમાંના એક હોર્મુઝની સામુદ્રધુનીમાં ઓઈલ ટેંકરોને નિશાન બનાવવામાં આવી રહ્યાં હોવાના અહેવાલો સામે આવ્યા છે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ની નૌકાદળે દાવો કર્યો છે કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન અનેક ટેંકરો દરિયાઈ માઈન્સ સાથે અથડાતાં તેમાં આગ લાગી હતી અથવા તેઓ ડૂબી ગયાં હતાં. ઈરાનના દાવા મુજબ, રવિવારથી સોમવાર દરમિયાન કુલ છ
ટેંકરો આગની ઝપેટમાં આવ્યાં હતાં. જોકે, આ તમામ ઘટનાઓની સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય પુષ્ટિ થઈ નથી. ઈરાનની નૌકાદળના જણાવ્યા અનુસાર, અમેરિકન સૈન્યના અધિકારીઓના માર્ગદર્શન અને ફાઈટર જેટ્સની સુરક્ષા હેઠળ કેટલાક ઓઈલ ટેંકરો હોર્મુઝની સામુદ્રધુનીના દક્ષિણ માર્ગેથી પસાર થવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં. ઈરાને આ માર્ગને અનધિકૃત ગણાવ્યો છે.

IRGCના દાવા મુજબ, આ જહાજોએ પોતાની નેવિગેશન અને ઓટોમેટિક આઈડેન્ટિફિકેશન સિસ્ટમ બંધ રાખી હતી. આ દરમિયાન દરિયાઈ માઈન્સ સાથે અથડાતાં જહાજોમાં જોરદાર વિસ્ફોટ થયા હતા અને આગ ફાટી નીકળી હતી. ઈરાને એવો પણ દાવો કર્યો છે કે ૨૦ લાખ બેરલથી વધુ ક્રૂડ ઓઈલ લઈ જતું એક વિશાળ સુપરટેંકર દરિયામાં ડૂબી ગયું છે. જોકે, ઈરાન તરફથી જહાજનાં નામ, માલિકી અને ક્રૂમેમ્બર્સ અંગેની સંપૂર્ણ વિગતો જાહેર કરવામાં આવી નથી.

ઈરાનના દાવાઓ વચ્ચે બ્રિટનની યુનાઈટેડ કિંગડમ મેરિટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (UKMTO) એ ૧૬ નવેમ્બરે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થઈ રહેલા એક ટેંકરને અજાણ્યા પ્રોજેક્ટાઈલથી નુકસાન પહોંચ્યાનો અહેવાલ આપ્યો છે. આ ઘટનામાં જહાજના એન્જિન રૂમમાં આગ લાગી હતી. જોકે, તમામ ક્રૂ સભ્યો સુરક્ષિત હોવાનું અને કોઈ જાનહાનિ થઈ ન હોવાનું એજન્સીએ જણાવ્યું હતું.

ભારતીય સૈન્યમાં ધરખમ ફેરફારની તૈયારી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬ : ભારતીય સેના પોતાના રેંક માળખામાં મોટો ફેરફાર કરવા પર ગંભીરતાથી વિચાર કરી રહી છે. રક્ષા સૂત્રોના જણાવ્યા પ્રમાણે સેના બ્રિગેડિયરનું પદ સમાપ્ત કરવા અને કર્નલથી સીધા મેજર જનરલ પદ પર પ્રમોશન આપવાની વ્યવસ્થા લાવવા માટે પ્રસ્તાવ તૈયાર કરી રહી છે. આ પગલું અધિકારીઓના કરિયર પ્રોગ્રેસને વધુ સારું બનાવવા, સિવિલ સેવામાં સામેલ અધિકારીઓ સાથેના વેતન અને પદના અંતરને ઘટાડવા તેમજ રેંક માળખાને સરળ બનાવવા માટે ઉઠાવવામાં આવી રહ્યું છે.

સેનાનું હાલનું રેંક માળખું પિરામિડના આકારનું છે. લેફ્ટનન્ટ કર્નલ અને તેનાથી નીચેના પદો પર અધિકારીઓની સંખ્યા ખૂબ જ વધારે છે, જ્યારે ઉપરના પદો મર્યાદિત છે. આના કારણે પ્રમોશનમાં વિલંબ થાય છે. સેનાના અધિકારીઓને મેજર જનરલના વેતન સ્તર સુધી પહોંચવામાં સરેરાશ ૩૨-૩૩ વર્ષ લાગે છે, જ્યારે IAS, IPS અને વન સેવાના અધિકારીઓ સમાન સ્તરે ૧૬-૧૮ વર્ષમાં જ પહોંચી જાય છે. આ અસમાનતાને દૂર કરવા માટે આ પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૮માં તત્કાલીન સેના પ્રમુખ જનરલ બિપિન રાવતના સમયમાં પણ કેડર અભ્યાસમાં બ્રિગેડિયર પદ ખતમ કરવાની સંભાવના પર ચર્ચા થઈ હતી, પરંતુ ત્યારે તેને લાગુ કરવામાં નહોતું આવ્યું. હવે સેના આ પ્રસ્તાવને ઔપચારિક રીતે રક્ષા મંત્રાલયના માધ્યમથી આઠમા કેન્દ્રીય વેતન પંચને મોકલવાની તૈયારી કરી રહી છે. આ ભલામણોને આ જ મહિને અથવા આગામી મહિને અંતિમ રૂપ આપીને મોકલી શકાય છે.પ્રસ્તાવ પ્રમાણે હવે મેજર જનરલ જ બ્રિગેડની કમાન્ડ સંભાળશે, જે જવાબદારી હાલમાં બ્રિગેડિયર સંભાળે છે. સાથે જ તેઓ ડિવિઝન સ્તરની જવાબદારીઓ પણ નિભાવતા રહેશે. નિયમિત અધિકારીઓ માટે મેજર જનરલ લઘુત્તમ રિટાયરમેન્ટ રેંક બની શકે છે, જેનાથી કરિયરમાં સ્થિરતા વધશે. આ ફેરફાર ભારતીય નૌકાદળ અને ભારતીય વાયુસેના પર પણ અસર કરશે, જ્યાં કોમોડોર અને એર કોમોડોર એ બ્રિગેડિયરના સમકક્ષ પદો છે. સેના હાલમાં પોતાના ઓપરેશનલ સંગઠનમાં પણ મોટા ફેરફારો કરી રહી છે. તેણે અગાઉ પાંચ ઈન્ટિગ્રેટેડ બેટલ ગ્રૂપ (IBG) અને એક ફાયર સપોર્ટ ગ્રૂપ સક્રિય કરી દીધા છે. દરેક કૈંમ્પમાં લગભગ ૫,૦૦૦ જવાનો હોય છે, જે બ્રિગેડ કરતા મોટા અને ડિવિઝન કરતા નાના હોય છે. આનું કમાન્ડ મેજર જનરલ પાસે જ હોય છે. આવી સ્થિતિમાં રેંક માળખામાં ફેરફાર કમાન્ડ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવી શકે છે.

આ પ્રસ્તાવ અધિકારીઓનો ઉત્સાહ વધારી શકે છે અને પ્રતિભાશાળી લોકોને સેનામાં જાળવી રાખવામાં મદદ કરશે. પરંતુ તેને લાગુ કરવામાં કેટલાક પડકારો પણ છે. હાલના બ્રિગેડિયર પદોનું સમાયોજન, નૌકાદળ-વાયુસેના સાથે તાલમેલ અને કમાન્ડ જવાબદારીઓની વહેંચણી ખૂબ જ સાવચેતીપૂર્વક કરવી પડશે. જો આ મંજૂર થાય છે, તો સેનાની સમગ્ર કમાન્ડ અને કરિયર આર્કિટેક્ચરમાં મહત્વપૂર્ણ પરિવર્તન આવશે.

છૂટક બાદ જથ્થાબંધ મોંઘવારીએ માઝા મૂકી

હોલસેલ મોંઘવારી દર ૧૨.૨૯ ટકાને પાર, ઓક્ટોબરમાં જથ્થાબંધ મોંઘવારીમાં ઉછાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬ : દેશમાં વધી રહેલી મોંઘવારીના મોરચે અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે, જ્યાં ઓક્ટોબર મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દર વધીને ૧૨.૨૯ ટકા પર પહોંચી ગયો છે. ઈંધણ અને ખાદ્ય ચીજોના સતત વધતા ભાવોને કારણે સપ્ટેમ્બરના ૧૧.૩૯ ટકાની સરખામણીએ આ મોટો ઉછાળો નોંધાયો છે, જેનાથી સામાન્ય નાગરિકોના પારિવારિક બજેટ પર ભારે આર્થિક ભારણ વધી ગયું છે.ભારતીય અર્થતંત્ર અને સામાન્ય જનતા માટે ચિંતા ઊભી કરે તેવા તાજેતરના આંકડાઓ અનુસાર, ઓક્ટોબર મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દર (WPI) વધીને ૧૨.૨૯ ટકાના સ્તરે પહોંચી ગયો છે. અગાઉ સપ્ટેમ્બર મહિનામાં આ દર ૧૧.૩૯ ટકા નોંધાયો હતો, એટલે કે માત્ર એક જ મહિનાના ટૂંકા ગાળામાં હોલસેલ મોંઘવારીમાં સીધો ૦.૯૦ ટકાનો વધારો થયો છે. સૌથી નોંધનીય અને ગંભીર બાબત એ છે કે સતત ત્રીજા મહિને જથ્થાબંધ મોંઘવારીમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો છે,
જેના કારણે બજારમાં રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ, ખાદ્ય સામગ્રી અને અન્ય વપરાશી ચીજો અત્યંત મોંઘી બની ગઈ છે.આ આખી મોંઘવારી પાછળ સૌથી મોટો અને મુખ્ય ફાળો ઈંધણ અને વીજળીના ક્ષેત્રનો રહ્યો છે. પ્રાપ્ત સત્તાવાર વિગતો મુજબ, ઈંધણ અને વીજળીની મોંઘવારી વધીને સીધી ૩૨.૮૪ ટકાના ઊંચા સ્તરે પહોંચી ગઈ છે,
જ્યારે સપ્ટેમ્બર મહિનામાં આ જ આંકડો ૨૫.૮૫ ટકા પર હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં ઊર્જા સંસાધનો અને ક્રૂડ ઓઈલની અસ્થિરતા તથા ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાને કારણે વીજળી અને ઈંધણના ભાવમાં ભયાનક ઉછાળો આવ્યો છે, જેણે સમગ્ર દેશમાં માલસામાનના ઉત્પાદન અને પરિવહન ખર્ચને સીધો પ્રભાવિત કર્યો છે.ઉત્પાદન ક્ષેત્રે ઈંધણ અને પરિવહન મોંઘા થવાને કારણે ફેક્ટરીઓથી લઈને સ્થાનિક બજાર સુધી માલસામાન પહોંચાડવાનો ખર્ચ અનેકગણો વધી ગયો છે. તેની સીધી અસર જથ્થાબંધ બજાર પર પડી છે અને વેપારીઓ તથા ઉત્પાદકો દ્વારા આ વધારાનો આર્થિક બોજ અંતિમ ગ્રાહકો એટલે કે સામાન્ય જનતા પર નાખવામાં આવી રહ્યો છે. દૈનિક ઉપયોગની વસ્તુઓ, શાકભાજી, અનાજ અને અન્ય આવશ્યક ચીજોના ભાવ વધવાથી મધ્યમ વર્ગ અને શ્રમજીવી પરિવારોના માસિક ખર્ચના સમીકરણો સંપૂર્ણપણે વેરવિખેર થઈ ગયા છે. આર્થિક નિષ્ણાતોના મતે, જો સમયસર આ વધારાને નિયંત્રિત કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં છૂટક મોંઘવારી પણ નવી ઊંચાઈઓને સ્પર્શી શકે છે, જેનાથી બજારમાં ખરીદશક્તિ ઘટશે અને આર્થિક મંદી જેવું વાતાવરણ સર્જાઈ શકે છે.

વીરપુર જલારામમય બન્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
વીરપુર, તા.૧૬ : જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુકડોના સેવામંત્રને જીવનમાં ઉતારનાર સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરમાં ભક્તિ અને શ્રદ્ધાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. બાપાની જન્મભૂમિ વીરપુરમાં દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ મંદિરની બંને બાજુ અંદાજે એક-એક કિલોમીટર સુધી ભક્તોની લાંબી કતારો લાગી હતી. સમગ્ર વીરપુર નગરીને દુલ્હનની જેમ શણગારવામાં આવતાં અહીં જાણે બીજી દિવાળી ઉજવાતી હોય તેવો માહોલ સર્જાયો હતો. જલારામ બાપાની જન્મજયંતિના પાવન અવસરે પ્રથમ આરતી અને દર્શનનો લાભ લેવા માટે ભક્તો મોડી રાતથી જ વીરપુર પહોંચવા લાગ્યા હતા. વહેલી સવારે જલારામ બાપાના પરિવારજનો દ્વારા બાપાની સમાધિ પર પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ત્યારબાદ નિજ મંદિરમાં પ્રથમ આરતી ઉતારવામાં આવી અને ભક્તો માટે દર્શન ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતાં. મંદિરમાં ભક્તોને સરળતાથી દર્શન થઈ શકે અને પ્રસાદનો લાભ મળી રહે તે માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતાં સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું. જન્મજયંતિની ઉજવણીને લઈને સમગ્ર વીરપુરને આકર્ષક રીતે શણગારવામાં આવ્યું છે. શહેરનાં ઘરો અને દુકાનો પર રંગબેરંગી રોશની કરવામાં આવી છે. ઠેરઠેર આકર્ષક રંગોળીઓ પૂરવામાં આવી છે, જ્યારે ઘરના પ્રવેશદ્વારે આસોપાલવનાં તોરણ બાંધવામાં આવ્યાં છે. ગેસ્ટ હાઉસ અને મુખ્ય માર્ગો પર પણ વિશેષ સુશોભન કરવામાં આવ્યું છે. સમગ્ર નગરીમાં ઉત્સવનો માહોલ છવાયો છે અને ઠેરઠેર જલારામ બાપાના જયઘોષ સંભળાઈ રહ્યા છે. જન્મજયંતિ નિમિત્તે વીરપુરમાં જલારામ બાપાની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના મુખ્ય માર્ગો અને વિવિધ ચોકમાં બાપાના જીવનચરિત્ર, સેવાકાર્યો અને ઉપદેશોને દર્શાવતી આકર્ષક ઝાંખીઓ તથા ફ્લોટ તૈયાર કરવામાં આવ્યાં હતા. આ ઉપરાંત બાપાની ૨૨૭મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ૨૨૭ કિલો બુંદીના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કુલગામમાં સુરક્ષા દળોને મોટી સફળતા

(સંપૂર્ણ સમાચાર સેવા)
શ્રીનગર, તા.૧૬ : દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના લારુ વિસ્તારમાં જમ્મુ-કાશ્મીર પોલીસ અને સુરક્ષા દળો સાથે થયેલી અથડામણમાં લશ્કર-એ-તેયબાના બે આતંકવાદીઓ ઠાર મરાયા છે.

માર્યા ગયેલા આતંકીઓમાં લશ્કરનો બચેલો એકમાત્ર કમાન્ડર મોહમ્મદ લતીફ ભટ પણ સામેલ છે. કુલગામમાં તાજેતરમાં સીઆરપીએફ જવાનો પર થયેલા હુમલાનો તે મુખ્ય માસ્ટરમાઈન્ડ હતો. સુરક્ષા દળોની આ કાર્યવાહીથી ખીણમાં લશ્કર-એ-તેયબાને મોટો ઝટકો લાગ્યો છે.

મૂળ દક્ષિણ કાશ્મીરના કુલગામનો રહેવાસી મોહમ્મદ લતીફ ભટ છેલ્લા કેટલાક મહિનાઓથી લશ્કર માટે મહત્ત્વના ઓપરેટિવ તરીકે કામ કરતો હતો. તે નાના પાયે ટાર્ગેટેડ હુમલા કરીને મહિનાઓ સુધી અંડરગ્રાઉન્ડ થઈ જવામાં અને સ્થાનિક વસ્તીમાં ભળી જવામાં ચાલાકી ધરાવતો હતો. એન્કાઉન્ટર બાદ તેની પાસેથી એકે-૪૭ રાઈફલ સહિતનો જથ્થો મળી આવ્યો છે.

કુલગામ હુમલા બાદ સુરક્ષા એજન્સીઓએ લતીફ ભટ અને તેના સાથીઓ બિલાલ અહમદ મીર, મોહમ્મદ ઉમર મીર તથા આબિદ ક્યૂમની માહિતી આપવા માટે પોસ્ટરો લગાવ્યા હતા. તપાસમાં સામે આવ્યું હતું કે ભટ જમ્મુ-કાશ્મીરમાં જ છુપાયેલો હતો, જ્યારે તેના અન્ય સાથીઓ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં છુપાયા હોવાની વિગતો મળી છે.

સુરક્ષા અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં સંગઠનને ફરી બેઠું કરવા અને સુરક્ષા એજન્સીઓનું ધ્યાન ભટતરફથી હટાવવા માટે લશ્કર-એ-તૈયબા દ્વારા પાસબાન-એ-હુર્રિયત કાશ્મીર જેવા પ્રોક્સી સંગઠનો ઊભા કરી મોહમ્મદ અઝ્ઝમ જેવા શખ્સોને પ્રવક્તા તરીકે રજૂ કરવાની રણનીતિ અપનાવાઈ હતી. જોકે, સુરક્ષા દળોએ સચોટ ઓપરેશન પાર પાડીને ભટનો ખેલ ખતમ કરી દીધો છે.

રાહુલ ગાંધી અને I.N.D.I.A. ગઠબંધને ચૂંટણી પંચને પૂછ્યા ૪૮ સવાલ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી,તા.૧૬ : દેશમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને લઈને રાજકીય વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત I.N.D.I.A. ગઠબંધનના નેતાઓએ ચૂંટણી પંચની કામગીરી સામે સવાલો ઉઠાવતાં સુપ્રીમ કોર્ટમાં નવી અરજી દાખલ કરી છે. આ અરજીમાં ચૂંટણી પંચ પાસેથી કુલ ૪૮ સવાલોના જવાબ સોગંદનામા મારફતે રજૂ કરાવવાની મંજૂરી માગવામાં આવી છે. ખાસ કરીને સમગ્ર દેશમાં SIR લાગુ કરવાનો નિર્ણય કોણે લીધો, મતદાર યાદીમાં ફેરફાર કરવાની સત્તા કોની પાસે હતી અને ચૂંટણી પંચના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે આ મુદ્દે કોઈ અસંમતિ હતી કે નહીં તેવા સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

વિપક્ષી ગઠબંધને ચૂંટણી પંચને પૂછ્યું છે કે સમગ્ર દેશમાં SIR લાગુ કરવાનો નિર્ણય ક્યારે અને કોના દ્વારા લેવામાં આવ્યો હતો? આ નિર્ણયને મંજૂરી આપતી મૂળ ફાઈલ કઈ છે અને તેની ચોક્કસ તારીખ શું છે? આ ઉપરાંત ફોર્મ-૬માં ફેરફાર કરવાનો નિર્ણય કોણે લીધો હતો અને તેની પાછળ કઈ પ્રક્રિયા અપનાવવામાં આવી હતી તે અંગે પણ ખુલાસો માગવામાં આવ્યો છે. અરજીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને અન્ય બે ચૂંટણી કમિશનર વિવેક જોશી તથા એસ.એસ. સંધુની ભૂમિકા અંગે પણ સવાલો કરવામાં આવ્યા છે.

૨૬ ઓક્ટોબરે ચૂંટણી પંચ દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા જવાબી સોગંદનામાને ત્રણેય કમિશનરોએ ક્યારે અને કેવી રીતે મંજૂરી આપી હતી? શું આ મંજૂરી બેઠકમાં આપવામાં આવી હતી, ફાઈલ પર નોંધ કરવામાં આવી હતી કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી નિર્ણય લેવાયો હતો? આ ઉપરાંત કોઈ નિર્ણયમાં ચૂંટણી કમિશનરોએ લેખિત અસંમતિ દર્શાવી હતી કે કેમ તે અંગે પણ જવાબ માગવામાં આવ્યો છે.

SIR માં નામ કપાય તો પણ મતદારો ગભરાયા વિના ફોર્મ-૬ ભરે

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૬ : ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને ખાતરી આપી છે કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન ડ્રાફ્ટ વોટર લિસ્ટમાં નામ કપાય તો કોઈપણ ડર વગર ફોર્મ-૬ ભરીને ફરીથી વોટર તરીકે રજીસ્ટ્રેશન કરાવી શકે છે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે, માત્ર આ આધાર પર તેમની સામે કોઈ ફોજદારી કેસ ચલાવવામાં નહીં આવશે કે તેમનું નામ અગાઉની વોટર લિસ્ટમાં હતું, પરંતુ SIR દરમિયાન બહાર પાડવામાં આવેલી ડ્રાફ્ટ લિસ્ટમાં ન આવ્યું. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા સોગંદનામામાં ચૂંટણી પંચે જણાવ્યું છે કે, આ સ્પષ્ટતા નો સ્થાનિક ભાષાઓમાં પણ વ્યાપક પ્રચાર કરવા માટે તમામ રાજ્યોના મુખ્ય નિર્વાચન અધિકારીઓ (CEO)ને સૂચના આપવામાં આવી છે.

પંચના જણાવ્યા પ્રમાણે કેટલાક લોકોને એવી આશંકા હતી કે, અગાઉ વોટર રહી ચૂકેલી વ્યક્તિનું નામ ડ્રાફ્ટ લિસ્ટમાં ન આવ્યા બાદ ફોર્મ-૬ ભરવા પર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૩૧ હેઠળ તેની સામે કાર્યવાહી થઈ શકે છે.

પંચે સ્પષ્ટ કર્યું છે કે આવા લોકો પર ફોર્મ-૬ ભરવા માટે કેસ ચલાવવામાં આવશે નહીં, શરત એટલી છે કે તેમનું નામ અગાઉથી કોઈ અન્ય લોકસભા કે વિધાનસભા મતવિસ્તારની વોટર લિસ્ટમાં નોંધાયેલું ન હોવું જોઈએ અને ફોર્મમાં આપેલી ઘોષણા કાયદા મુજબની હોવી જોઈએ.

કુલગામમાં સુરક્ષા અભિયાન સામે મેહબૂબા મુફ્તીનો વિરોધ

(સંપૂર્ણ સમાચાર સેવા)
શ્રીનગર, તા.૧૬ : જમ્મુ-કાશ્મીરના કુલગામમાં ચાલી રહેલા સુરક્ષા અભિયાનને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP)નાં અધ્યક્ષ અને જમ્મુ-કાશ્મીરનાં પૂર્વ મુખ્યમંત્રી મેહબૂબા મુફ્તીએ આ કાર્યવાહી સામે સવાલો ઉઠાવી કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે આક્ષેપ કર્યો છે કે સુરક્ષા દળો દ્વારા અખરાન નૌપોરા ગામમાં કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેના કારણે સામાન્ય અને નિર્દોષ નાગરિકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

મેહબૂબા મુફ્તીએ સોશિયલ મીડિયા પર પોતાની પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે અજાણ્યા આતંકવાદીઓની હરકતો અથવા સુરક્ષા વ્યવસ્થામાં થયેલી ચૂક માટે સમગ્ર વિસ્તારના લોકોને જવાબદાર ઠેરવવા યોગ્ય નથી.

તેમના જણાવ્યા અનુસાર, આતંકવાદી ઘટનામાં સંડોવાયેલા લોકો સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ, પરંતુ તેના નામે સામાન્ય નાગરિકોને પરેશાન કરવાથી સ્થાનિક લોકોમાં અસંતોષ વધી શકે છે. તેમણે નિર્દોષ લોકોને સામૂહિક રીતે સજા આપવાની નીતિ સામે વાંધો ઉઠાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે ૧૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ કુલગામના નૌપોરા અખરાન વિસ્તારમાં CRPFની ચોકી પર ગોળીબારની ઘટના બની હતી. આ હુમલામાં ત્રણ સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા હોવાની માહિતી સામે આવી હતી. ત્યારબાદ સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારમાં સઘન તપાસ અને તલાશી અભિયાન શરૂ કર્યું હતું. અખરાન નૌપોરા સહિત આસપાસના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા કડક બનાવવામાં આવી છે. ગામમાં સુરક્ષા દળોની વધતી હાજરી અને તપાસની કાર્યવાહી વચ્ચે સ્થાનિક નાગરિકોની મુશ્કેલીઓનો

અન્ય સમાચારો

ગુજરાતનો પ્રથમ ઓટોમેટિક કન્ટ્રોલ સિસ્ટમથી સંચાલિત સિક્સ લેન બેરેજ કમ બ્રીજ બનશે

અમારા પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ, તા.૧૬ : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના ફેઝ-૨ અને ફેઝ-ઉના વિવિધ પ્રકલ્પોની સ્થળ મુલાકાત કરી હતી. તેમણે, પશ્ચિમ કાંઠે અચેરથી પૂર્વ કાંઠે કેમ્પ સદર બજાર વચ્ચે છ લેનનો બેરેજ કમ બ્રીજ, સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૨ અંતર્ગત સરદાર પટેલ એન્ક્લેવ કેનોપી સ્ટ્રક્ચર, કોટેશ્વર મહાદેવ મંદિર પાછળ અને ઈન્દિરા બ્રીજની નીચેના વિસ્તારમાં ચાલી રહેલી કામગીરી તેમજ સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૩ અંતર્ગત સાબરમતીના પશ્ચિમ છેડા તરફ કોતરપુર સામે? અને પૂર્વ તરફ કરાઈ નજીક નર્મદા કેનાલ એસ્કેપ પાસે કામગીરીની પ્રગતિનું નિરીક્ષણ કરીને ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા કરીને કામની પ્રગતિનો તાગ મેળવીને ઝડપી કામગીરી માટે સૂચના આપી હતી. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટના ફેઝ-૨ અને ફેઝ-૩ પૂર્ણ થતાં રિવરફ્રન્ટની કુલ લંબાઈ બંને બાજુએ થઈને ૪૦ કિ.મી.ની થશે.

ફેઈઝ-૨ અંર્તગત નદીની બંને કાંઠે ડફનાળાથી ઈન્દિરા બ્રીજ સુધીના ૫.૫૦ કિ.મી.ની નદીની લંબાઈમાં (બંને બાજુ ઉપર કુલ ૧૧ કિ.મી.) રિવરફ્રન્ટ ડેવલપ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ફેઈઝ-૩ અંર્તગત નદીની બંને કાંઠે ઈન્દિરા બ્રીજથી નર્મદા મેઈન કેનાલ સુધી ૫ કિ.મી. ની નદીની બંને બાજુ ઉપર કુલ ૧૦ કિ.મી. સુધી ડેવલપ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. સિક્સ લેનનો બેરેજ કમ બ્રીજ ઓટોમેટિક કન્ટ્રોલ સિસ્ટમથી સંચાલિત હશે. ૩.૫ મીટર ઊંચાઈના એર ફિલ્ડ રબર ટાઈપ સ્પેશ્યલાઈઝડ બેરેજથી ગાંધીનગર તરફના રિવરફ્રન્ટમાં પાણી ભરાયેલું રહેશે. ગુજરાતનો આ પ્રકારનો પ્રથમ બેરેજ કમ બ્રીજ બની રહેશે. રિવરફ્રન્ટના નવા ફેઈઝમાં નદીનાં બંને કાંઠે ગ્રીન ઝોન, અલગ અલગ લેવલ પર વૃક્ષોનું વાવેતર, ચિલ્ડ્રન પ્લે એરિયા, ફૂડ પ્લાઝા, આર્ટ કલ્ચર અને સ્વાસ્થ્ય માટે તેમજ લોકો માટે જુદા જુદા લેવલ પર સીટીંગ વ્યવસ્થા જેવી સુવિધાઓ હશે. રિવરફ્રન્ટનો પ્રકલ્પ ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તેમજ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કો. લિ. દ્વારા હાથ ધરવામાં આવ્યો છે.

છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતની ટોલ આવકમાં ૯૪.૪ ટકાનો વધારો

અમારા પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૧૬ : રાજ્યમાં મજબૂત બનેલા રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વધેલી ઔદ્યોગિક હલચલની સીધી અસર હવે ટોલ વસૂલાતના આંકડાઓ પર જોવા મળી રહી છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતની ટોલ આવકમાં ૯૪.૪ ટકાનો જંગી વધારો નોંધાયો છે, જેની સાથે કુલ ટોલ આવક રૂા. ૬,૩૫૨ કરોડની સપાટી વટાવી ગઈ છે. રાજ્યના હાઈવે પર વાહનોનું ભારણ પણ સતત વધી રહ્યું છે. તાજેતરના આંકડા મુજબ, એકલા ઓક્ટોબર મહિના દરમિયાન જ ગુજરાતના વિવિધ હાઈવે પરથી અંદાજે ૨.૩૯ કરોડ વાહનો પસાર થયા છે.

હાઈવે નેટવર્કના વિસ્તરણ અને વાહનોની વધતી સંખ્યાને કારણે રાજ્યના વિવિધ ટોલ પ્લાઝા પરથી દૈનિક સરેરાશ રૂ. ૧૭.૬૪ કરોડની ટોલ વસૂલાત થઈ રહી છે. આ આંકડા રાજ્યના આર્થિક અને વ્યાપારી વિકાસની ગતિ દર્શાવે છે. ટોલ આવકના વિશ્લેષણ મુજબ, હાઈવે પરિવહનમાં કોમર્શિયલ અને ભારે વાહનોનું પ્રભુત્વ સ્પષ્ટપણે જળવાઈ રહ્યું છે. કુલ ટોલ વસૂલાતમાં એકલા ભારે માલવાહક વાહનોનો હિસ્સો ૮૪.૫ ટકા જેટલો નોંધાયો છે, જે રાજ્યમાં વેપાર અને ઉદ્યોગોની વધી રહેલી ગતિવિધિઓનો પુરાવો છે.

આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી

અમારા પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૧૬ : રાજ્યમાં ધીમે-ધીમે શિયાળાની ઋતુ જામી રહી છે અને વહેલી સવારે તથા મોડી રાત્રે ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે, ત્યારે હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ઠંડીનું જોર વધવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના તાજા અંદાજ મુજબ, આગામી બેથી ત્રણ દિવસ બાદ રાજ્યના લઘુત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો નોંધાઈ શકે છે, જેના કારણે રાજ્યભરમાં ઠંડીનો ચમકારો વધુ તેજ બનશે.

ઉત્તર ભારત તરફથી ફૂંકાતા ઠંડા પવનોની અસરને પગલે ગુજરાતના વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. હાલમાં રાજ્યમાં બેવડી ઋતુનો માહોલ યથાવત્ છે, જેમાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ઊંચું રહેતા સામાન્ય ગરમી અનુભવાય છે, જ્યારે સૂર્યાસ્ત બાદ તાપમાનનો પારો ગગડતા ઠંડી પ્રસરી જાય છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેશે અને મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી, પરંતુ રાત્રિના લઘુત્તમ તાપમાનમાં ક્રમશઃ ઘટાડો થવાથી ઠંડી વધશે.

દરમિયાનનમાં રાજ્યના મુખ્ય શહેરોમાં લઘુત્તમ તાપમાનના આંકડાઓ પર નજર નાખતા જણાય છે કે રાજકોટમાં ૨૧.૭, અમદાવાદમાં ૨૧.૨, બરોડામાં ૧૯.૪ અને સુરતમાં ૨૦ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સૌથી ઓછુ તાપમાન અમરેલીમાં ૧૮.૬ ડિગ્રી નોંધાયું હતું. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં પણ ઠંડીનું પ્રમાણ વધશે. બદલાતી ઋતુ અને વધતી ઠંડીને ધ્યાનમાં રાખીને વહેલી સવારે શાળા-કોલેજ જતા વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ અને મોડી રાત્રે મુસાફરી કરતા વાહનચાલકોને ગરમ વસ્ત્રોનો ઉપયોગ કરવા અને સ્વાસ્થ્યની કાળજી રાખવા સૂચન કરવામાં આવ્યું છે.

ટેટ-એચએસના પરિણામ સામે અસંતોષ, રાજ્ય પરીક્ષા બોર્ડ બહાર ઉમેદવારોનો વિરોધ

અમારા પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૧૬ : રાજ્યમાં શિક્ષક બનવા માટેનું સ્વપ્ન જોતા યુવાનો માટે મહત્ત્વની ગણાતી ટેટ-એચએસની પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ વિવાદોના વમળમાં ફસાયું છે. પરિણામને લઈને ઉમેદવારોમાં વ્યાપક અસંતોષ જોવા મળી રહ્યો છે, જેને લઈને રાજ્યભરમાંથી આવેલા ઉમેદવારોએ ગાંધીનગર સ્થિત રાજ્ય પરીક્ષા બોર્ડની કચેરી બહાર એકઠા થઈને ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો. ઉમેદવારોએ જણાવ્યું હતું કે પેપર ચકાસણી દરમિયાન મોટી અનિયમિતતાઓ અને વિસંગતતાઓ આચરવામાં આવી છે. ઉમેદવારોએ આક્ષેપ કર્યો છે કે, ઉત્તરવહીઓમાં સાચા જવાબો અને પૂરતું લખાણ હોવા છતાં તેમની સાથે અન્યાય કરવામાં આવ્યો છે અને ધારણા કે લખાણ કરતા અત્યંત ઓછા માર્ક્સ આપવામાં આવ્યા છે, જેના કારણે અનેક તેજસ્વી ઉમેદવારો પાસ થવાથી વંચિત રહી ગયા છે.

ગાંધીનગર ખાતે રાજ્ય પરીક્ષા બોર્ડની બહાર યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉમેદવારોએ બોર્ડની કામગીરી સામે સવાલો ઉઠાવતા પેપરનું રિ-ચેકિંગ કરવાની અથવા ઓનલાઈન ઉત્તરવહીઓ જાહેર કરવાની માગ કરી છે. આ અચાનક વિરોધ પ્રદર્શનને પગલે તંત્રમાં પણ દોડધામ મચી જવા પામી છે.

મહેનતુ યુવાનોના ભવિષ્ય સાથે ચેડા ન થાય તે માટે પરીક્ષાના પેપર ચકાસણીમાં રહેલી ક્ષતિઓની ઉચ્ચસ્તરીય તપાસ થવી જોઈએ તેવી ઉમેદવારોએ માંગ કરી છે. જો બોર્ડ દ્વારા આ બાબતે સંતોષકારક ખુલાસો કે યોગ્ય પગલાં નહીં લેવામાં આવે, તો ઉમેદવારો દ્વારા આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. હાલ તો રાજ્ય પરીક્ષા બોર્ડ આ સમગ્ર મામલે શું નિર્ણય લે છે તેના પર તમામની નજર ટકેલી છે.

સાબરડેરી અને બેંકની ચૂંટણી મોકૂફ રહેતા વિવાદ

અમારા પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૧૬ : સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લાખો ખેડૂતો અને પશુપાલકોની જીવાદોરી સમાન સાબરડેરી અને સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન તથા વાઈસ ચેરમેન પદની ચૂંટણી અંતિમ સમયે મોકૂફ રાખવામાં આવતા બંને જિલ્લાના સહકારી રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. દિવાળીના તહેવારો પૂર્ણ થયા હોવા છતાં હજુ સુધી ચૂંટણીની નવી તારીખો જાહેર ન થતાં અનેક તર્ક-વિતર્કો વહેતા થયા છે. આ રાજકીય અનિશ્ચિતતા વચ્ચે હવે સાબરડેરીના વહીવટ સામે ગંભીર ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી નિષ્પક્ષ તપાસની માગ કરવામાં આવી છે.

કલેક્ટરને સુપરત કરાયેલા આવેદનપત્રમાં ડેરીના સંચાલકો પર સીધા પ્રહારો કરતા જણાવાયું છે કે, સંસ્થામાં ભરતી, પ્રમોશન અને વિવિધ ટેન્ડર પ્રક્રિયાઓમાં લાયકાતને બદલે સગાવાદ અને વ્યક્તિગત ઓળખાણને પ્રાધાન્ય આપવામાં આવે છે. આ ઉપરાંત, કોન્ટ્રાક્ટ ફાળવણીમાં પણ ચોક્કસ માનીતી કંપનીઓને જ અયોગ્ય આર્થિક લાભ પહોંચાડવામાં આવતો હોવાની આશંકા વ્યક્ત કરી સમગ્ર વહીવટી પ્રક્રિયાની સ્વતંત્ર તપાસની માગણી કરાઈ છે. પશુપાલકોએ પશુદાણાની ખરીદી, દૂધની ગુણવત્તા અને નકલી દૂધના શંકાસ્પદ કારોબાર અંગે પણ ઊંડાણપૂર્વક તપાસ કરવા રજૂઆત કરી છે.

આવેદનમાં કેટલફીડ (પશુદાણ) માટે ખરીદાતા કાચા માલ અને તૈયાર થતા પશુદાણના કુલ વજનમાં મોટી વિસંગતતા હોવાનો દાવો કરી, છેલ્લા ૫ વર્ષના હિસાબી રેકોર્ડનું ફોરેન્સિક ઓડિટ કરાવવાની માગ ઊઠી છે. પશુપાલક સમાજનું કહેવું છે કે આ વહીવટી ત્રુટિઓને કારણે પશુપાલકોને સીધું આર્થિક નુકસાન થઈ રહ્યું છે. રજૂઆતમાં સૌથી ચોંકાવનારી વિગત એ રજૂ કરાઈ છે કે ડેરી દ્વારા દૂધ ઉત્પાદકો પાસેથી ખરીદાતા દૂધના ભાવમાં માત્ર ૧૫ ટકા જેટલો નજીવો વધારો કરાયો છે, જ્યારે તેની સામે ગ્રાહકો માટે દૂધની બનાવટોના વેચાણ ભાવમાં ૪૦ થી ૫૦ ટકા જેટલો તોતિંગ વધારો ઝીંકવામાં આવ્યો છે.

CHANGE OF NAME

I, DHYANAM JIGNESH DESAI, HAVE LOST MY PASSPORT (NO. K3533318 ISSUED ON 15/12/2012 FROM MUMBAI RPO) DURING MY TRANSIT BETWEEN TOKARKHADA AND SILVASSA POLICE STATION ON 08/10/2026. WHOMSOEVER FINDS IT PLEASE RETURN AT - C/702,VEDA RESIDENCY,SILVASSA,UT OF DNH&DD.

સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ એવોર્ડ અને કાગળના આંકડા સામે કોંગ્રેસે સવાલ ઉઠાવ્યા

અમારા પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૧૬ : સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ના પરિણામો જાહેર થયા બાદ અમદાવાદ અને સુરત સહિતના શહેરોની સિદ્ધિઓ સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં ગંભીર સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસે જણાવ્યું હતું કે એવોર્ડ અને રેન્કિંગના આંકડાઓ પાછળ શહેરોની વાસ્તવિક સ્થિતિ અલગ છે, અને નાગરિકોને શુદ્ધ હવા, યોગ્ય કચરા વ્યવસ્થાપન તથા સ્વચ્છ શૌચાલયો જેવી પાયાની સુવિધાઓ મળતી નથી.

સ્વચ્છતા સર્વેક્ષણના એવોર્ડની ઉજવણી કરતા પહેલાં અમદાવાદ, સુરત અને વડોદરાની જમીની હકીકતનો હિસાબ આપવાની માંગ કરતા કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ પત્રકાર પરિષદમાં અથાક મહેનત કરતા સફાઈ કર્મચારીઓની નિષ્ઠાને બિરદાવીને જણાવ્યું હતું કે તેમની મહેનતની આડમાં રાજકીય પ્રચાર અને કોન્ટ્રાક્ટરોના હિતોનું રક્ષણ થઈ રહ્યું છે. વીવીઆઈપી વિસ્તારો ઉપરાંત પીરાણા ડમ્પિંગ સાઈટ આસપાસ અનેક વિસ્તારોમાં કચરો, દુર્ગંધ અને પ્રદૂષણની ગંભીર સમસ્યા હજુ પણ યથાવત છે. શહેરોમાં નાગરિકોના ઓનલાઈન કે ક્યૂઆર કોડ પ્રતિસાદની પારદર્શક વિગતો જાહેર કરવાની માંગ કરાઈ હતી અને અમદાવાદ-સાણંદની સ્વચ્છ શહેર જોડી, સુરતની સુપર સ્વચ્છ લીગ તથા વડોદરાના સ્ટેટ ફર્સ્ટ જેવા એવોર્ડ્સને આખા દેશમાં નંબર વન તરીકે પ્રચારિત કરવા સામે વાંધો ઉઠાવાયો હતો.

આ ઉપરાંત, ઘરોમાંથી અલગ થતો કચરો ગાડીઓમાં ભેગો થઈ જતો હોવાની ફરિયાદો ઉઠી હતી. તેમજ જાહેર શૌચાલયોની દયનીય સ્થિતિ અને તેના સર્વે તથા ડિઝાઈનના નામે લાખો રૂપિયાના શંકાસ્પદ ખર્ચ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો કરાયા હતાં.

અંતે, સરકાર સમક્ષ સર્વેક્ષણના સંપૂર્ણ સ્કોરકાર્ડ, વોર્ડવાર સ્વચ્છતા સ્કોર, કચરાના પ્રોસેસિંગના સાચા આંકડા અને વિકાસ પાછળ થયેલા ખર્ચની વિગતો જાહેર કરવાની માંગ સાથે કોંગ્રેસ દ્વારા વાસ્તવિક સ્વચ્છતા સર્વેક્ષણે કેમ્પેનનો ક્યૂ.આર. કોડ લોન્ચ કરવામાં આવ્યો હતો.

CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM CHAITALIBEN MANILAL PARMAR/CHAITALI TO NEW NAME CHAITALI MANOJ CHAUHAN AS PER DOCUMENTS

CHANGE OF NAME

WE MANOJ VANMALIBHAI CHAUHAN AND CHAITALI MANOJ CHAUHAN HAVE CHANGED OUR MINOR DAUGHTER NAME FROM FREEYA TO NEW NAME FREEYA MANOJ CHAUHAN AS PER DOCUMENTS

GOVERNMENT OF INDIA DEPARTMENT OF SPACE INDIAN SPACE RESEARCH ORGANISATION SPACE APPLICATIONS CENTRE AHMEDABAD - 380015

જાહેરાત ક્રમાંક : ૦૩ : ૨૦૨૬ તારીખ (૧૧-૧૧-૨૦૨૬)
સ્નાતક, ટેક્નિશિયન અને વ્યવસાયિક તાલીમાર્થીઓની ભરતી માટે

અવકાશ એપ્લિકેશન કેન્દ્ર (ઇસરો) વિવિધ ક્ષેત્રોમાં સ્નાતક તાલીમાર્થીઓની જગ્યાઓ માટે ઓનલાઈન અરજીઓ મંગાવે છે, જે નીચે મુજબ છે. **સ્નાતક તાલીમાર્થીની જગ્યાઓ માટેના ક્ષેત્રો :** (૧) ઇલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ (૨) મિકેનિકલ એન્જિનિયરિંગ (૩) કમ્પ્યુટર સાયન્સ / કમ્પ્યુટર એન્જિનિયરિંગ / ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (૪) ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ (૫) સિવિલ એન્જિનિયરિંગ (૬) પ્રોડક્શન એન્જિનિયરિંગ (૭) વાણિજ્ય સ્નાતક (૮) કમ્પ્યુટર એપ્લિકેશન સ્નાતક (૯) કલા સ્નાતક - હિન્દી / અંગ્રેજી ટેક્નિશિયન **તાલીમાર્થીની જગ્યાઓ માટેના વિવિધ ક્ષેત્રો :** (૧) ઇલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ (૨) મિકેનિકલ એન્જિનિયરિંગ (૩) કમ્પ્યુટર સાયન્સ / કમ્પ્યુટર એન્જિનિયરિંગ / ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (૪) ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ (૫) સિવિલ એન્જિનિયરિંગ **વ્યવસાયિક તાલીમાર્થીની જગ્યાઓ માટેના વિવિધ ક્ષેત્રો :** (૧) કમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ (૨) કારપેન્ટર / સુથારી કામના ટેક્નિશિયન (૩) પેઇન્ટર (સામાન્ય) (૪) ડ્રાફ્ટ્સમેન મિકેનિકલ (૫) મશીનિસ્ટ (૬) ફિટર (૭) ટર્નર (૮) લેબ આસિસ્ટન્ટ કેમિકલ પ્લાન્ટ (૯) એટેન્ડન્ટ ઓપરેટર કેમિકલ પ્લાન્ટ (૧૦) રેફ્રિજરેશન એન્ડ એર કન્ડિશનિંગ (૧૧) ઇલેક્ટ્રોનિક્સ મિકેનિક અને રેડિયો ટીવી (૧૨) ઇલેક્ટ્રિશિયન સંબંધિત ક્ષેત્રોમાં ડિગ્રી / ડિપ્લોમા / ITI (NTC/STC) ધરાવતા ઇચ્છુક ઉમેદવારોએ વિગતવાર જાહેરાત માટે અમારી વેબસાઇટ [https://www.sac.gov.in] (https://www.sac.gov.in, utm_source=chatgpt.com) અથવા [https://careers.sac.gov.in](https://careers.sac.gov.in utm_source=chatgpt.com)ની મુલાકાત લેવી.

વેબસાઇટ ૧૧-૧૧-૨૦૨૬ (સવારે ૦૯:૩૦ વાગ્યાથી) થી ૦૨-૧૨-૨૦૨૬ (સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી) ઓનલાઈન અરજી નોંધણી માટે ખુલ્લી રહેશે.

CBC 49107/11/0026/2627

PUBLIC NOTICE

Whereas, Mrs. Nurjaha Mohamed Kureshi (also known as Mrs. Nurjaha Mehmud Kureshi) died intestate on 24.08.2020 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa.

And whereas, the deceased, Late Mrs. Nurjaha Mohamed Kureshi (also known as Mrs. Nurjaha Mehmud Kureshi), was the absolute owner of the property situated within the limits of the Silvassa Municipal Council (SMC), the particulars of which are set out below:

Details of the Property :

Sr. No.	Property Type	Property ID	Easy City Code	Property Address
1.	Flat	S06026698000	TKD08013	All that piece or parcel of the Flat No. 103 admeasuring 700 Sq. Ft. (super built-up area) on the First Floor of the building No. "A" known as "MARIAM MANZIL" constructed in the N.A Land of Survey No. 353/1/1 of Village Silvassa of the Union Territory of Dadra & Nagar Haveli. The above said flat is duly registered at House No. 1704/8 in the records of Silvassa Municipal Council, Silvassa, U.T. of D&N.H&D.D.-396230.

Whereas, my clients are the sole legal heirs of the aforesaid deceased and intend to apply before the Silvassa Municipal Council for the transfer and mutation of the aforesaid property in their names.

The names of the legal heirs of the deceased and their respective relationships with the deceased are as follows:

Sr. No.	Names of the Legal Heir	Age	Relation with the deceased
1.	Mohamed Ebrahim Shaikh	75	Husband
2.	Safiyabanu Mohamed Shaikh	48	Daughter
3.	Najema Kureshi	46	Daughter
4.	Hamida Mohamed Shaikh	45	Daughter
5.	Nafisa Mohamed Shaikh	44	Daughter
6.	Nilofer Mohamed Shaikh	41	Daughter
7.	Zainab Mohamed Shaikh	34	Daughter

Therefore, on behalf of my clients, the undersigned hereby invites objections, if any, from any person claiming an interest in or right over the aforesaid property, to submit their objections in writing to the Silvassa Municipal Council, Silvassa, and to the undersigned within 15 (fifteen) days from the date of publication of this notice. In the event that no objections or claims are received within the aforesaid period, my clients shall be at liberty to proceed with the necessary application before the Silvassa Municipal Council for the transfer and mutation of the aforesaid property i.e. Flat No. 103, admeasuring 700 sq. ft. (super built-up area), situated on the First Floor of Building No. "A", known as "MARIAM MANZIL", constructed on Non-Agricultural (N.A.) land bearing Survey No. 353/1/1, situated at Village Silvassa, Union Territory of Dadra and Nagar Haveli and Daman and Diu. The said flat is recorded under House No. 1704/8 in the records of the Silvassa Municipal Council, Silvassa 396230 in their names, being the legal heirs of the deceased, Late Mrs. Nurjaha Mohamed Kureshi (also known as Mrs. Nurjaha Mehmud Kureshi).

Sd/-
Mohamed Ebrahim Shaikh
Address: Flat No. 103, First Floor of the building No. A, Mariam Manzil, Silvassa, U.T. of D&N.H&D.D.-396230

Sd/-
Adv. Bipin A Singh
Address: 15/36/B/F Khariwad, Sagar Samart Road, Daman 396210

U.T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU
U.T Administration of Dadra and Nagar Haveli & Daman and Diu
NAMO Medical Education & Research Society
NAMO College of Allied Health Sciences Silvassa

No. NAMOAHS/BSS/2018/194/26 Date:13/11/2026

ADVERTISMENT

નમો કોલેજ ઓફ એલાઇડ હેલ્થ સાયન્સિસ, સિલવાસા ખાતે શૈક્ષણિક વર્ષ 2026-27 માટે ડિપ્લોમા પેરામેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો (10+2 પાસ) પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. ડિપ્લોમા ઇન ડાયલીસીસ ટેક્નોલોજી (૨ વર્ષ) , ડિપ્લોમા ઇન ઓપરેશન થિએટર ટેક્નોલોજી (૨ વર્ષ), ડિપ્લોમા ઇન ટોમાકેર અને કેજ્યુઅલટી ટેક્નોલોજી (૨ વર્ષ) , ડિપ્લોમા ઇન ઓપ્ટોમેટ્રી (૨ વર્ષ), ડિપ્લોમા ઇન મેડિકલ રેકોર્ડ સાઇન્સ (૨ વર્ષ), ડિપ્લોમા ઇન મેડિકલ લેબોરેટરી ટેક્નોલોજી (૨ વર્ષ) અભ્યાસક્રમો નમો કોલેજ ઓફ એલાઇડ હેલ્થ સાયન્સિસ, સિલવાસા.

Last date of receiving application: 21/11/2026

For details, please scan QR code dnh.gov.in
dnhdd@onlineregistrationforms.com
Tel: 0265 - 4080026

O/o NAMO Medical Education & Research Society, NAMO College of Allied Health Sciences, Silvassa, DNH

NO.: IP/DMN/2/5/2026-27/645 **DATED : 16/11/2026**

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

જાહેર બાંધકામ વિભાગ - દમણ

ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના

નાની દમણની ભીમપોર ગ્રામ પંચાયત હેઠળની સરકારી પ્રાથમિક શાળા, ભીમપોર ખાતે ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળ પર નવા શૌચાલય બ્લોકનું નિર્માણ તથા પ્રથમ માળના અંદરના ભાગે રંગકામની કામગીરી.(2nd Call)

ટેન્ડર આઇડી નં.:2026_DAMAN_5036_1

For details please scan	ડાઉનલોડની છેલ્લી તારીખ :19/11/2026
	ઓફ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ :19/11/2026
https://ddtenders.gov.in	બિડ ખોલવાની તારીખ :19/11/2026

કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-જીલ્લા પંચાયત, મોટી દમણ

NO.: IP/DMN/2/5/2026-27/637 **DATED : 16/11/2026**

પ્રશાસન, દાદરા & નગર હવેલી અને દમન & દીવ, કેન્દ્ર શાસિત પ્રદેશ
વન વિભાગ (પ્રાદેશિક), દાદરા & નગર હવેલી

ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના

વિષય: દાદરા અને નગર હવેલીના ટેરિટોરિયલ ડિવિઝન હેઠળની ઉત્તરીય, મધ્ય અને દક્ષિણી રેન્જમાં રાષ્ટ્રીય પોરીમાર્ગો, રાજ્ય પોરીમાર્ગો તથા મુખ્ય જિલ્લા માર્ગોની બાજુમાં આવેલા વૃક્ષારોપણને પાણી આપવા માટે ૨૦,૦૦૦ લિટર ક્ષમતાવાળા પાણીના ટેન્કરની સેવાઓ ભાડે રાખવા બાબત.

	ટેન્ડર નં.	: 4-2/434-FD/T/GNL/2026/1649
	ટેન્ડર દસ્તાવેજોનું ઓનલાઇન ડાઉનલોડ	: 14.11.2026 10.10 વાગ્યા થી
	ઓનલાઇન કિંમત બિડ સબમિશન	: 27.11.2026 બપોરે 12.00 વાગ્યા સુધી
	પ્રાઇસ બિડ ઓનલાઇન ઓપનિંગ	: 27.11.2026 14.00 વાગ્યા
	ટેન્ડર આઇડી નંબર.	: 2026_UTDNH_8334_1

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો

www.dnh.gov.in , www.dnhtenders.gov.in

નાયબ વન સંરક્ષક, પ્રાદેશિક, દાદરા અને નગર હવેલી, સિલવાસા

NO.: IP/DMN/2/5/2026-27/638 **DATED : 16/11/2026**







Tuesday 17, November 2026

દમણગંગા ટાઇમ્સ

વાપીમાં ૨૨૭મી જલારામ જયંતિની ભવ્ય ઉજવણી

મંદિર પરિસરમાં ૧૫ હજારથી વધુ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો : ભજન-કીર્તન અને જય જલારામના નાદથી મંદિર પરિસર ગુંજી ઊઠ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૬ : વાપીના જમનાનગર ખાતે નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા શ્રી જલારામ સંસ્થાન ટ્રસ્ટ સંચાલિત જલારામ મંદિરે સંત શિરોમણી શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. ભજન-કીર્તન અને જય જલારામના નાદથી સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું.

જન્મજયંતિ નિમિત્તે મંદિર ખાતે હવન, ભજન-કીર્તન, બપોરે મહાઆરતી તેમજ સાંજે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાપ્રસાદનો અંદાજે ૧૫ હજારથી વધુ ભક્તોએ લાભ લઈ જલારામ બાપાના આશીર્વાદ મેળવ્યા હતા. ઉલ્લેખનીય છે કે વાપીના આનંદ નગર અને જમનાનગર ખાતે મુંબઈથી અમદાવાદ તરફ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલું આ મંદિર શ્રી જલારામ સંસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલિત છે. મંદિરની સ્થાપના ૪ મે, ૨૦૦૨ના રોજ કરવામાં આવી હતી. ત્યારથી દર વર્ષે જલારામ જયંતિ સહિત રામનવમી, જન્માષ્ટમી અને મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે.

મંદિરમાં દર ગુરુવારે ગરીબ અને જરૂરિયાતમંદ લોકો તેમજ જલારામ બાપાના ભક્તો માટે મહાપ્રસાદનું વિતરણ પણ કરવામાં આવે છે. મંદિરના વહીવટમાં ટ્રસ્ટના પ્રમુખ રજનીકાંતભાઈ જોશી, ખજાનચી સુધીરભાઈ દેસાઈ અને મંત્રી રાજેશભાઈ છોટુભાઈ પટેલ સેવા આપી રહ્યા છે.

ગુજરાતમાં સૌપ્રથમ આંતલીયામાં ‘કોમ્યુનિટી મિડિએશન સેન્ટર’નો પ્રારંભ

ગામ સ્તરે જ જમીન વિવાદો, પારિવારિક પ્રશ્નો અને સામાજિક ઝઘડાઓના સમાધાન માટે કાનૂની સેવા સત્તા મંડળની પહેલ : કોર્ટની લાંબી પ્રક્રિયામાંથી લોકોને મળશે રાહત





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૧૬ : ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને ઝડપી, સરળ અને સુલભ ન્યાય મળી રહે તેમજ નાના-મોટા વિવાદોનું સ્થાનિક સ્તરે જ સમાધાન થાય તેવા લોકહિતના હેતુથી ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અને નવસારી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા અનોખી પહેલ કરવામાં આવી છે. સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત સોમવાર સવારે ગણદેવી તાલુકાના આંતલીયા ગામેથી ‘કોમ્યુનિટી મિડિએશન સેન્ટર’નો વિધિવત્ પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે નવસારી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ દ્વિવેદીની અધ્યક્ષતામાં દીપ પ્રાગટ્ય કરી સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગણદેવી તાલુકા પંચાયતનાં પ્રમુખ પુષ્પાબેન પટેલ, ઉપપ્રમુખ મહેશ હળપતિ, કારોબારી ચેરમેન પાર્થિવ નાયક, આંતલીયા ગ્રામ પંચાયતનાં સરપંચ સુમિત્રાબેન પટેલ, જયેશ પટેલ, વિજય પટેલ, ભગુભાઈ પટેલ, ઉર્વશી પાટીલ, દેવસર ગ્રામ પંચાયતનાં સરપંચ ચેતનાબેન તથા ધકવાડા ગ્રામ પંચાયતનાં સરપંચ નમ્રતાબેન પટેલ, પીઆઈ કે એન સોલંકી, પરીમલ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ ઉપરાંત હાઈકોર્ટ દ્વારા નવસારી જિલ્લામાં મધ્યસ્થી તરીકે સેવા આપવા ખાસ તાલીમબદ્ધ અને નિયુક્ત કરાયેલા પૂર્વ મામલતદાર વિજયભાઈ શાને, મયંકભાઈ ત્રિવેદી, માધુરીબેન દેસાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ્ય વિસ્તારોમાં ઊભા થતા જમીન દબાણ, મિલકતના વિવાદો, પારિવારિક પ્રશ્નો, છૂટાછેડા સંબંધિત વિવાદો તેમજ સામાજિક તકરારોનું પરસ્પર સંવાદ અને સમજૂતી દ્વારા સ્થાનિક સ્તરે નિરાકરણ લાવવાનો છે. જોકે, સમાધાનને પાત્ર હોય તેવા વિવાદોનો જ કાયદાકીય જોગવાઈ મુજબ નિકાલ કરવામાં આવશે. આ પ્રસંગે નિયુક્ત મધ્યસ્થી વિજયભાઈ શાનેએ જાહેર જનતાને આ સેન્ટરનો મહત્તમ લાભ લેવા અને આ પહેલને સફળ બનાવવા સહકાર આપવા અપીલ કરી હતી.

ગુજરાતમાં પ્રથમ વખત આંતલીયા ગામેથી શરૂ થયેલી આ પહેલ ગ્રામ્ય ન્યાય વ્યવસ્થાને વધુ લોકાભિમુખ બનાવવાની દિશામાં મહત્વનું પગલું બની છે. આગામી સમયમાં આ મોડેલ રાજ્યનાં અન્ય ગામો માટે પણ પ્રેરણારૂપ બની શકે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

ગોડથલમાં પ્રેમ પ્રકરણમાં હુમલો અને ધમકીની ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ચીખલી, તા. ૧૬ : ચીખલી તાલુકાના ગોડથલગામે પ્રેમ સંબંધના મામલે યુવતીના ભાઈએ એક પ્રેમીને લોખંડના પાઇપથી માર મારી જાનથી મારી નાખવાની ધમકી અપાતા બનાવની ફરિયાદ ચીખલી પોલીસ મથકે નોંધાય.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના ગોડથલ પટેલ ફળિયા ખાતે રહેતો વિશ્લેષ વીરચંદભાઈ પટેલ જે તેના મિત્ર સાથે ગોડથલ માળી ફળિયા ખાતે આવેલ ડુંગરી ઉપર ફરવા માટે ગયા હતા.

દરમિયાન ગોડથલ માળી ફળિયા ખાતે રહેતો શિવમ કુમાર જ્ઞનેશભાઈ પટેલ જે આવી વિસ્લેશભાઈને જણાવેલ કે તું મારી બેન સાથે કેમ ફોન ઉપર વાત કરે છે. જે અદાવત રાખી શિવમ પટેલે ફરિયાદીને સાથે બોલાચાલી કરી ઝઘડો તથા ગાળા ગાળી કરી ઉશ્કેરાઈ જઈ પોતાની સાથે લાવેલ લોખંડના પાઇપ વડે વિસ્લેશ પટેલને મારવા જતા માથાના ભાગે તેમજ પીઠના ભાગે ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી અપાતા બનાવ અંગેની ફરિયાદ વિશ્લેષ પટેલે ચીખલી પોલીસ મથકે નોંધાવતા બનાવની વધુ તપાસ ચીખલી પોલીસે હાથ ધરી છે.

વાપીના ઉદ્યોગજગત અને કચ્છી, જૈન સમાજમાં શોક

આરતી ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક ચંદ્રકાંત ગોગરીનું નિધન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૬ : દેશના જાણીતા ઉદ્યોગપતિ, આરતી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સ્થાપક અને સમાજસેવક ચંદ્રકાંતભાઈ ગોગરી (ઉંમર ૮૦)નું ગઈકાલે સાંજે ૪ વાગ્યે નિધન થતાં ઔદ્યોગિક જગત સહિત કચ્છી જૈન સમાજમાં શોકની લાગણી ફેલાઈ છે. તેઓ છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતા.

કચ્છના માંડવી તાલુકાના નાનાભાડિયાગામમાં જન્મેલા ચંદ્રકાંતભાઈએ માતા પાસેથી રૂ. ૫ હજારની લોન લઈને વર્ષ ૧૯૭૫માં આરતી કંપનીની સ્થાપના કરી હતી. પોતાની મહેનત, દૂરંદેશી અને ટેકનિકલ જ્ઞાનના બળે કંપનીને દેશની અગ્રણી કેમિકલ કંપનીઓમાં સ્થાન અપાવ્યું હતું.

ઔદ્યોગિક સફળતા સાથે તેમણે સમાજસેવા અને માનવકલ્યાણને પણ જીવનનું ધ્યેય બનાવ્યું હતું. કરોડો રૂપિયાનું દાન આપી ગુજરાત સહિત દેશનાં અનેક રાજ્યોમાં શિક્ષણ, આરોગ્ય અને સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓમાં મહત્વનું યોગદાન આપ્યું હતું. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ કાર્યરત કેમેક્સિલ દ્વારા તેમને સામાજિક ક્ષેત્રે યોગદાન બદલ લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

તેમના નિધનથી ઉદ્યોગજગતે એક દૂરંદેશી નેતા અને સમાજે નિઃસ્વાર્થ સેવાભાવી વ્યક્તિત્વ ગુમાવ્યું છે. તેમના નિધન થી વાપી જી આઈ ડી સી અને સરીગામ ખાતે આવેલ કંપની મા પણ શોક નુ મોજું ફેલાઈ ગયું હતું. આજે મુંબઈ ખાતે યોજાયેલા અંતિમ સંસ્કારમાં વાપી-સરીગામથી કંપનીના મુખ્ય અધિકારીઓ અને સ્ટાફના સભ્યો જોડાયા હતાં.

વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વસુધરા ડેરી, આલીપુર

સૌને અમારા નૂતન વર્ષાભિનંદન

Amul The Taste of India

● વસુધારા ડેરી સંયોજિત મંડળીના પ્રમુખશ્રીઓ, કમિટિ સભ્યો, દૂધ ઉત્પાદક બહેનો અને ભાઇઓ ● વસુધારા ડેરીના ''અમૂલ'' અને ''વસુધારા'' બ્રાન્ડના ઉત્પાદનોના ઉપભોગકર્તા અમારા માનવંતા ગ્રાહકો, ● અમૂલ દૂધના ડીસ્ટ્રીબ્યુટરો અને એજન્ટો ● વસુધારા ડેરીના ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરો અને સપ્લાયરો ● વસુધારા ડેરીના શુભચિંચકો ● વસુધારા ડેરીના અધિકારીઓ, કર્મચારીઓ અને કામદારો

આવનારા વર્ષમાં વિકાસની ગતિને વણથંભી રાખવા માટે આપણે વધુ કટિબધ્ધ બની ''સહકારી પ્રવૃત્તિ થકી જ સર્વેનું કલ્યાણ''ના મંત્રને અનુસરી ઉત્તરોત્તર દૂધ ઉત્પાદનમાં વધારો કરી, વસુધારા ડેરીના દૂધ અને દૂધના ઉત્પાદનોનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખો, તેમજ બજારની તીવ્ર હરિફાઈના પડકારને સહુના સહિયારા પુરુષાર્થથી સામનો કરવાનો નવા વર્ષના મંગળ પ્રભાતે આપણે સહુ સંકલ્પ કરીએ. નૂતન વર્ષ આપ સર્વેને સુખ-સમૃધ્ધિ આપનારું બની રહે તેવી હાર્દિક શુભેચ્છા.

''વસુધારા ડેરી'' પરિવાર

Wishing happy Diwali & Prosperous New year

Best Wishes from Shri Rajnikant Devidas Shroff-Chairman Emeritus & Shroff Family

(UPL Group)

UPL

A Global Leader in Sustainable Agriculture Solutions



SUPERFORM
Superform Chemistries Limited

Smt. Sandraben Shroff Gnyan Dham School

Sandra Shroff College Of Nursing

UPL University of Sustainable Technology

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**